

# અધ્યાત્મ

વર્ષ : ૩ અંક ૪ જાન્યુઆરી–૧૯૮૨

## પરદેશના આજીવન સભ્યો

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના પરદેશ પ્રવાસને પરિણામે ઠીક ઠીક સંખ્યામાં આજીવન સભ્યો નોંધાયા છે. નવા નોંધાયેલ સભ્યોનાં નામ નીચે પ્રમાણે છેઃ-

૮. શ્રી. એન. આર. પટેલ, સાન્ફ્રાન્સીસકો U.S.A. રૂ. ૧૫૦૧
૯. ,, એસ. એસ. ભક્ત, સાન્ફ્રાન્સીસકો U.S.A. રૂ. ૧૫૦૧
૧૦. ,, એસ. આર. પટેલ, સાન્ફ્રાન્સીસકો U.S.A. રૂ. ૧૫૦૧
૧૧. ,, અશોક આર. ભક્ત, કલોવીસ U.S.A. રૂ. ૧૫૦૧
૧૨. ,, વસન્ત એસ. ભક્ત, કાનસાસ U.S.A. રૂ ૧૫૦૧
૧૩. ,, નટુભાઈ પી. ભકત, કાનસાસ U.S A રૂ. ૧૫૦૧
૧૪. ,, ધીરજભાઈ આર. ભક્ત, સ્ટોકટોન U.S.A. રૂ. ૧૫૦૧
૧૫. ,, લલ્લુભાઈ એમ. ભકત, ઈન્ડીપેન્સન્સ U.S.A. રૂ. ૧૫૦૧
૧૬. ,, આર. ડી. ભકત, લીટલરોક U.S.A રૂ. ૧૫૦૧
૧૭. ,, હીરાભાઇ એમ. પટેલ, ફાઉન્ટેનવેલી U.S.A. રૂ. ૧૫૦૧

*

## પ્રભુ શાન્તિ આપે....

શ્રી. સૌરભભાઈ દેસાઈ અને એમનાં ધર્મપત્ની નિલિમાબેન-બન્ને ભરયુવાનીમાં ચિકાગોમાં ( અમેરિકા ) મોટર અકસ્માતમાં એક સાથે મૃત્યુ પામ્યાં. કેવો કરુણ પ્રસંગ! મૃત્યુ ક્યારે કોને ક્યાં આંબી જાય તે તો કોણ કહી શકે? પ્રભુ એમના આત્માઓને અને એમનાં ધર્મપરાયણ કુટુમ્બીજનોને શાન્તિ આપે એજ પ્રાર્થના.

( ફોટો ટાઇટલ પેજ ત્રણ ઉપર )



શ્રી યોગેશ્વરજી

## એટલું આપજે રે

વ્હાલા આપે તો એટલું આપજે રે,
શરણાગત વત્સલ ભગવાન,
રાગદ્વેષ મમતા હૈયે ના વસે રે,
પ્રભુના પ્રેમે નિર્મળ થાય…વ્હાલા.

દુનિયાના કામમાં તુજને ભૂલું નહીં રે,
નિરંતર નામ જપાવજે નાથ…વ્હાલા.

મનડું મિથ્યાભિમાનમાં ના રમે રે,
નમ્ર બતાવજે મારા રાજ…વ્હાલા

નાવિક ભવસાગરનો બની જજે રે,
હોડી હંકારજે પેલે પાર…વ્હાલા.

રોમ રોમ રંગજે તારા રાગમાં રે,
કરજે જગમાં જય જયકાર…વ્હાલા.

—સર્વેશ્વરી ( પ્રેસ્ટન )

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૩ અંક : ૪ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫–૦૦ વિદેશમાં રૂા. ૧૨૫–૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :**
**પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ–૮

**તંત્રી–સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)
શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )
શ્રી જે. વી. શાહ (મુંબઇ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર–૩૬૪૦૦૧


### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| જીવો જીવસ્ય જીવનમ્ | ૩ | શ્રીયોગેશ્વરજી |
| ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરને ભારત | ૬ | મુકુલભાઇ કલાર્થી |
| મહેન્દ્રનાથ ગુપ્ત | ૮ | નારાયણ હ. જાની |
| શ્રેયયાત્રા-૧૭ | ૧૩ | ભાઈલાલભાઇ છાટબાર |
| શ્રીમદ્ રાજચંદ્ર | ૧૬ | મહાત્મા ગાંધીજી |
| શ્રીમદ્ રાજચંદ્રના અમૃતવચનો | ૨૨ | ઈશ્વરભાઇ પટેલ |
| આપણી દેવ પ્રતિમાઓ | ૨૫ | પ્રા. જનાર્દન દવે |
| ઓધા રે | ૩૧ | ડો. અશ્વિન પટેલ |
| આપ જે, હે પ્રભો ! | ૩૨ | રણજિત પટેલ |
| **સંગીતા મે...!** | ૩૩ | ડો. અશ્વિનભાઈ કું. પટેલ |
| શરીર વિજ્ઞાનની ઉપયોગિતા | ૩૬ | શ્રી મંગલદાસ પંચાલ |
| મૂર્તિનું અવલંબન છેવટે સ્વાવલંબી બનવા માટે છે. | ૪૧ | શ્રી વિમલાતાઇ ઠકારે |
| **પૂ. શ્રીનાં સાન્નિધ્યમાં** | ૪૬ | આશા ભક્ત |
| "સ્વાધ્યાય" | ૫૧ | અલ્પજ્ઞ અલગારી |
| પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીનો પરદેશથી ભારતીય સાધકો પર પત્ર | ૫૩ | શ્રી યોગેશ્વરજી |
| રામકથા | ૫૬ | શ્રી યોગેશ્વરજી |
| પ્રકાશના પંથે | ૬૧ | દીપક પ્ર. મહેતા |
| 'બિન્દુ'–બાળગીતોનો સંગ્રહ | ૬૪ | –તંત્રી |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

વર્ષ : ૩ જાન્યુઆરી-૧૯૮૨ અંક : ૪


## જીવો જીવસ્ય જીવનમ્

**શ્રી યોગેશ્વરજી**

આપણે ત્યાં પ્રાચીન કાળથી માંડીને અર્વાચીન કાળપર્યંત પરંપરાગત રીતે પેલી પંક્તિ કે ઉક્તિ ચાલી આવે છે. એનું સ્મરણ, રટણ કે પારાયણ પણ વારંવાર થયા કરે છે. એ પંક્તિ કે ઉક્તિ છે જીવો જીવસ્ય જીવનમ્. એનો સામાન્ય ઉપલક અર્થ એવો થાય છે કે એક જીવ બીજા જીવનું જીવન છે. એક જીવ બીજા જીવનો ખોરાક છે. એક જીવ જીવના આધારે જ ટકે છે. મોટા જીવો નાના જીવોનું ભક્ષણ કરી જાય છે. સાપ દેડકાંને, મગરમચ્છ માછલાંને, વાઘસિંહ સસલાંને, તથા હરણને, અને એવી રીતે બળવાન પ્રાણીઓ એમનાથી ઓછા બળવાનને અથવા નિર્બળને મારી નાખે છે અથવા એમનો આહાર બનાવે છે. સમસ્ત સૃષ્ટિચક્ર એવી રીતે પારસ્પરિક હિંસાના આધાર પર જ ચાલી રહ્યું છે. એવી હિંસા જીવનના ધારણપોષણને માટે અનિવાર્ય અને નૈસર્ગિક છે. માનવ પણ એ નિયમમાંથી મુક્ત નથી. એ પણ માંસાહાર કરે છે. અને ના કરતો હોય તો પણ અનાજ, ઔષધિ, દૂધ, ફળ પાણીનું સેવન કરે છે. તે પણ જીવતત્વથી મુક્ત નથી. પ્રત્યેક પદાર્થમાં દૃષ્ટ અથવા અદૃષ્ટ, સ્થૂલ કે સૂક્ષ્મ અને સૂક્ષ્માતિ સૂક્ષ્મરૂપે જીવતત્વ હોય જ છે. આપણી

આજુબાજુની ને આપણે જે લઈએ છીએ તે હવામાં પણ જીવતત્ત્વ વિદ્યમાન હોવાથી, આપણું સમગ્ર જીવન પણ, આદિથી માંડીને અંત સુધી જીવોના આધારે જ ચાલતું હોય છે. જીવનનો પાયો હિંસા જ છે.

એ વાતને યથાર્થ માનીએ તો પણ એટલી હકીકત તો નિર્વિવાદ છે કે હિંસા બે પ્રકારની છે. એક પ્રકારની હિંસા જીવનના ધારણ પોષણને માટે ના છૂટકે થનારી, અજ્ઞાત રીતે થનારી, અનિવાર્ય હિંસા છે. એમાં પવન પાણી દૂધ, ફળ, ઔષધિ અને અન્નના ઉપયોગનો સમાવેશ થઈ જાય છે. જીવનને ટકાવી રાખવા માટે એની આવશ્યકતા હોય છે. એથી એ હિંસા હિંસા હોય તો પણ, એનો અન્ય વિકલ્પ ના હોવાથી ધર્મસંમત હિંસા કહેવાય છે. પરંતુ એથી ઉલટું, જે હિંસા શોખ, ટેવ કે વ્યસનને ખાતર કરવામાં આવે છે, જેની જીવનના ધારણ પોષણ માટે અનિવાર્ય આવશ્યકતા નથી હોતી, તેને ધર્મ-વિરોધી, અધર્મયુક્ત હિંસા તરીકે ઓળખવામાં આવે છે. એ હિંસા વર્જ્ય મનાવી જોઇએ એનો કોઈએ કારણસર કદી પણ પુરસ્કાર ના કરી શકાય. એને આદર્શ, અનુકરણીય, અભિનંદનીય ના મનાય. માનવને માટે શરીરના ધારણપોષણ માટે દૂધ, ફળ, અન્નની વૈકલ્પિક નૈસર્ગિક વ્યવસ્થા હોવાથી માંસાહાર અથવા અન્ય પ્રાણીઓનો પોતાને માટેનો સંહાર અયોગ્ય, અનૈસર્ગિક, કહેવાય. અને એનું કોઈએ સંજોગોમાં સમર્થન ના કરી શકાય. જીવો જીવોના આધારે ટકતા હોય તો પણ એટલા જ કારણથી એક જીવને બીજા જીવને હણવાનો હક નથી મળી જતો. એવી પરિસ્થિતિ વિધિની વિચિત્રતા કે કરૂણતા છે. અભિનંદનીય, અનુકરણીય કે ઉત્સાહવર્ધક નથી. સુશિક્ષિત, સુસંસ્કૃત, સુધારાના સર્વોચ્ચ શિખર પર પહોંચ્યા હોવાનો દાવો કરનારા માનવને માટે આશીર્વાદરૂપ નથી પરંતુ અભિશાપરૂપ છે. ભૂષણ નથી પરંતુ દૂષણ છે, ગૌરવવર્ધક નથી પરંતુ ગૌરવનાશક કે શરમજનક છે.

એક બીજી વાત. અત્યાર સુધી "જીવો જીવસ્ય જીવનમ્" એ વાક્યનો પરંપરાગત પ્રચલિત રૂઢ અર્થ થતો રહ્યો છે. તેમાં એક



નિર્બળ જીવ બીજા બળવાન જીવનો આહાર બને છે. અથવા ભક્ષ્ય છે એવો ભાવાર્થ અભિપ્રેત છે. પરંતુ એ પરંપરાગત પ્રાચીન વાક્યને એક બીજા સારા સંદર્ભમાં પણ સમજી શકાય છે. એ સંદર્ભ નૂતન હોવા છતાં પણ પ્રાણવાન, પુરક અને સમજવા જેવો છે. એનો સીધો સાદો સરળ સારસંદેશ એટલો જ કે જગતમાં એક જીવ બીજા જીવનું જીવન બને છે, બીજાને પ્રેરણા, હૂંફ, પ્રકાશ, સુખ શાંતિ તથા શક્તિ ધરે છે, પ્રેમ પ્રદાન કરે છે, અને અન્યને માટે આલંબનરુપ થઇ પડે છે. વલ્લરી વૃક્ષનો આધાર લઈને આગળ વધે છે. છાયા વૃક્ષનો. ધરતી ચંદ્રનો ને ચંદ્ર સૂર્યનો સાથ સહયોગ પ્રાપ્ત કરે છે. બીજમાંથી વૃક્ષ ને વૃક્ષમાંથી બીજ. પશુ, પંખી ને વનસ્પતિ પણ સ્નેહના સ્વર્ગીય મૂક સુધાસભર સંવેદનને અનુભવે છે. માતાપિતા, પુત્રપુત્રી, પતિપત્ની, મિત્રો પારસ્પરિક પ્રેમથી પોષણ પામે છે. એક બીજાને માટે આહુતિ ધરે છે. એક આત્માનું સાન્નિધ્ય, સ્નેહસંવેદન, માર્ગદર્શન, સમર્પણ બીજાની જીવનવાડીને લીલીછમ, સૌરભવંતી, સમૃદ્ધિ, સુશોભિત કરે છે. એક આત્મા બીજાને માટે જીવન બને છે. બીજાને ચેતન ધરે છે. માનવે આ વાતને સારી રીતે સમજી લઈને પોતાના જીવનદ્વારા વ્યક્તિગત તથા સમષ્ટિગત રીતે, બીજાના જીવનને જ્યોતિર્મય કરવા, સુખ શાંતિ સમુન્નતિથી સંપન્ન બનાવવા પ્રયત્ન કરવો જોઈએ. અન્યને માટે આલંબન, આધાર બનવું જોઇએ. એક જીવે બીજા જીવના જીવન બનવા, બીજા જીવના જીવનને સુસમૃદ્ધ કરવા બનતું બધું જ કરી છૂટવું જોઈએ.

પેલા પરંપરાથી પ્રચલિત વાક્યને એવી રીતે વિચારવાથી નૂતન પ્રેરણા કે અદ્યતન પ્રકાશની પ્રાપ્તિ થશે.

# ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોર ને ભારત

—મુકુલભાઈ કલાર્થી

ગુરુદેવ જર્મનીના પ્રવાસે ગયા હતા; ત્યારે ત્યાં એક પ્રસંગ બન્યો જે ગુરુદેવના અંતઃકરણ ઉપર ઊંડી છાપ મૂકી ગયો.

બે જર્મન બાળાઓ ગુરુદેવને મળવા આવી. ગુરુદેવ માટે તેમણે સુંદર પુષ્પો આણ્યાં હતાં. તેમને અંગ્રેજીમાં બહુ સારી રીતે બોલતાં આવડતું ન હતું. અને ગુરુદેવને જર્મનભાષા આવડતી ન હતી; તોયે એ બે બાળાઓમાંથી એકે ટૂંકમાં કહ્યું "I love India" 'હું ભારતને ચાહું છું.'

ગુરુદેવને જર્મન બાળાની આ વાત સાંભળીને નવાઈ લાગી. તેમણે મધુર સ્વરે ધીમે ધીમે બોલીને પૂછ્યું. "Why do you love India ?" 'તમે ભારતને શા માટે ચાહો છો ?"

પેલી નાની બાળાએ મુગ્ધભાવે કહ્યું; "Because you love God" 'કારણ કે તમે પ્રભુને ચાહો છો.'

આ પ્રસંગની વાત કરતાં ગુરુદેવે કહ્યું હતું. "આ બાળાઓએ અમારી જે પ્રશંસા કરી એ વધારે પડતી જ કહેવાય. એ માટે અમે લાયક થઈએ એમ હું ઇચ્છું ખરો. પણ નિર્દોષ બાળાઓની વાત ઉપરથી એટલું તો સ્પષ્ટ છે કે, દુનિયા મીટ માંડીને એવા દેશની રાહ જોઈને બેઠી છે ખરી જે દેશ પોતાના કરતાં પ્રભુને વધારે ચાહતો હોય."

* * *

ગુરુદેવ ચીન અને જાપાનના પ્રવાસે ગયા હતા, ત્યારની આ વાત છે. ત્યાંના ઘણાખરા લોકો ભારત માટે બહુ ઊંચા ખ્યાલ ધરાવતા હતા.

તેઓ ગુરુદેવને મુગ્ધભાવે કહેતાઃ "ભારત જેવી પવિત્ર



ધર્મભૂમિમાં કોઇ કદી અસત્ય નહીં બોલતું હોય, કોઈ અણહક્કનું લેવા નહીં જ ચાહતું હોય; કોઇ કોઇને સતાવતું કે છેતરતું નહીં હોય; બધાં સહુનું ભલું ચાહતાં હશે; બધાં એકબીજા પ્રત્યે પ્રેમભાવ રાખતાં હશે..."

આ સાંભળીને ગુરુદેવની આંખોમાંથી હર્ષ સાથે શોકનાં આંસુ ટપકવા લાગ્યાં. પ્રાચીન ભારતની કેવી ઉજ્જવળ કીર્તિ બધે ફેલાયેલી છે ! પણ આજના ભારતથી પરિચિત ગુરુદેવે ગળગળા અવાજે કહ્યું; "ભાઇઓ, તમે ધારો છો એવું ભારત આજે નથી. ! ત્યાં આવા બધાય દોષો ઘર કરી બેઠા છે. !"

યોગ્ય માર્ગે સંપાદન કર્યું હોય તો ધન પણ આનંદનું એક સાધન થાય. પણ અકર્મણ્યતાથી, કશુંયે કર્યા વિના અને લૂંટારૂવૃત્તિથી ધનસંપાદન કરવું એ સામાજિક અને આધ્યાત્મિક આનંદનો પાયો ઉખેડી નાખવા જેવું છે. આવું ધન તે ધન નહીં પણ નિધન (મરણ) છે. —વિનોબા ભાવે

# મહેન્દ્રનાથ ગુપ્ત

શ્રી રામકૃષ્ણ પરમહંસના અનન્ય ભક્ત.

નારાયણ હ. જાની

સાંજ પડી. ગુરુદેવ હવે ભગવાનના ધ્યાનમાં બેસતા હતા. એથી એમણે મહેન્દ્રનાથને કહ્યું, " તું જા અને નરેન્દ્ર સાથે વાતચીત કર. તને એ કેવો લાગે છે, એ મને પછી કહેજે. "

દેવળોમાં સંધ્યા સમયની આરતી પૂરી થઇ ગઈ હતી. મહેન્દ્રનાથ સૂચના પ્રમાણે નરેન્દ્રની પાસે ગયા અને વાતચીત કરવા લાગ્યા. નરેન્દ્રે એમને કહ્યું કે તે બ્રાહ્મો સમાજનો સભ્ય છે, કોલેજમાં ભણે છે. વગેરે વગેરે.

હવે સાંજના ઘણું મોડું થવા આવ્યું હતું અને મહેન્દ્રનાથને નીકળવું પડે તેમ હતું, છતાં એને ઈચ્છા થતી ન હતી. નરેન્દ્રથી છૂટા પડ્યા પછી મહેન્દ્રનાથ ગુરુદેવ ક્યાં છે, તે જોવાં નીકળ્યા. એમના મન અને હૃદયનો કબજો જાણે કે ગુરુદેવના સંગીતે લઇ લીધો હતો. એટલે વારંવાર એને સાંભળવાની એમને ઈચ્છા થતી. આખરે કાલીમાતાના મંદિરના આગળના નાટયગૃહમાં એમણે ગુરુદેવને એકલાં ને આટા મારતા જોયા. મંદિરમાં માતાની મૂર્તિની બન્ને બાજુ દીવાઓ બળી રહ્યા હતા; જ્યારે નાટય હોલમાં એક દીવો બળી રહ્યો હતો. એનો પ્રકાશ ઝાંખો હતો.

મહેન્દ્રનાથને લાગ્યું કે જેવી રીતે સાપ મંત્રથી બંધાઈ જાય તેવી રીતે ગુરુદેવનું મધુર સંગીત એને મુગ્ધ કરી રહ્યું છે. એથી ગુરુદેવ પાસે ગયા અને કંઈક સંકોચ સાથે પૂછ્યું, " આજે સાંજે, આપ બીજાં કોઈ ભજન ગાવાનો છો ખરા ?"



શ્રી ગુરુદેવ જરા વિચારીને કહ્યું, " ના, આજે રાત્રે નહિ. " પરંતુ પછી કંઈક યાદ કરીને કહેવા લાગ્યા, " તું એક કામ કરજે. હું કલકત્તામાં બલરામ બોઝને ત્યાં જવાનો છું. તું ત્યાં આવજે. ત્યાં ભજન થશે. "

મહેન્દ્રનાથે કહ્યું, " વારૂં, જી "

શ્રી. રામકૃષ્ણઃ–" તું બલરામ બોઝને ઓળખે છે ? "

મહેન્દ્રનાથઃ–" ના, જી, "

શ્રી રામકૃષ્ણઃ–તેઓ બોઝપરામાં રહે છે.,'

મહેન્દ્રનાથઃ–" વારૂ, જી હું એમનું ઘર શોધી કાઢીશ"

શ્રી મહેન્દ્રનાથ અને રામકૃષ્ણદેવ હોલમાં સાથે આંટા મારી રહ્યા છે ત્યાં અચાનક શ્રી રામકૃષ્ણ મહેન્દ્રનાથને પૂછે છે. " જરા મને કહે તો. હું તને કેવો લાગું છું ?"

મહેન્દ્રનાથ ચૂપ રહે છે, એટલે રામકૃષ્ણદેવ ફરીથી પૂછે છે, કહે તો ખરો, હું તને કેવો લાગુ છું. ઈશ્વર વિષેનું મારામાં કેટલા ટકા જ્ઞાન છે ?"

મહેન્દ્રનાથે સંકોચપૂર્વક કહ્યું, " ગુરુદેવ, ટકાથી આપ શું કહેવા માંગો છે એ મને સમજાયું નહિ. પરંતુ હું આટલું કહી શકું. આ પહેલાં મેં કદી કયાંય આવું જ્ઞાન, આવો દિવ્ય પ્રેમ, આવી શ્રદ્ધા, આવો વૈરાગ્ય અને આવી ઉદારતા જોયાં નથી "

આ સાંભળી શ્રી રામકૃષ્ણ હસવા લાગ્યા.

આટલી વાતચીત પછી શ્રી મહેન્દ્રનાથે ગુરુદેવને પ્રણામ કરી જવાની રજા લીધી. પરંતુ હજુ માંણ તે મુખ્ય દરવાજા સુધી પહોંચ્યા હશે. ત્યાંજ એને ગેરુદેવને કંઇ પૂછી જોવાનો વિચાર આવ્યો. એટલે એ પાછા આવ્યા. અને નટઘરમાંજ ગુરુદેવ પાસે પહોંચ્યા. ગુરુદેવ હજુ પણ એકાકી આત્માનંદમાં મગ્ન ને પૂર્ણ વૈરાગ્યભાવથી જંગલમાંના કોઈ વનરાજની

જેમ, આંટા મારી રહ્યા હતા. શ્રી મહેન્દ્રનાથ આ મહાપુરુષને શાન્ત સાનંદ આશ્ચર્ય સાથે વંદી રહ્યા.

શ્રી. રામકૃષ્ણ ( મહેન્દ્રનાથને ) "તું શા માટે પાછો આવ્યો ?"

શ્રી મહેન્દ્રનાથઃ-ગુરુદેવ, બલરામ બોઝનું ઘર તો શ્રીમંત માણસનું ઘર છે. એ લોકો કદાચ મને અંદર નહિ આવવા દે તો. હું તો અહીં આવીશ ને અહીં જ આપને મળીશ.

શ્રી. રામકૃષ્ણઃ– "અરે ! એમ શું કરવા કરવું છે ?" મારું નામ દઈ દેજે. અને કહેજે કે મારે એમને મળવું છે. એટલે તને મારી પાસે લઈ આવશે.'

શ્રી. મહેન્દ્રનાથઃ–"તો ભલે."

ફરીથી એમણે ગુરુદેવને પ્રણામ કરી, તેમની રજા લીધી.

( આ બધા હપ્તાઓમાં શ્રી. રામકૃષ્ણદેવ સાથેની મહેન્દ્રનાથની પ્રથમ ચાર મુલાકાતોની હકીકત–વિગતથી થોડી પુનરૂક્તિ બાદ કરીતે આપી છે.)

તેઓએ કુલ પર પ્રકરણો લખ્યાં છે એના ઉપરથી રામકૃષ્ણ કથામૃતના પુસ્તકના કદનો ખ્યાલ આવી શકશે. એમાં ફેબ્રુઆરિ ૧૮૮૨થી એપ્રિલ ૧૮૮૬ના ગાળાનું વર્ણન લગભગ એકધારૂ કરવામાં આવ્યું છે.

શ્રી મહેન્દ્રનાથે તા. ૨૪. એપ્રિલ. ૧૮૮૬ના રોજ પોતાની પત્ની અને છોકરા સાથે તેઓએ કેવી રીતે શ્રી. રામકૃષ્ણદેવની મુલાકાત લીધી, તેની નોંધ કરી છે. શ્રી. મહેન્દ્રનાથનાં પત્ની તેમના એક પુત્રના અવસાનને લીધે ખૂબ દુઃખી હતાં. એટલેજ શ્રી. રામકૃષ્ણદેવે એમને પોતાની પાસે લઇ આવવાની સૂચના આપેલી. આ સમયે, શ્રી. રામકૃષ્ણદેવ લગભગ મરણ પથારી ઉપર હતા, અને મા શારદાદેવી તેમની સારવાર કરી રહ્યાં હતાં. આમ છતાં, તેઓએ મહેન્દ્રનાથની



પ્રત્યે કરૂણા દાખવી, થોડા દિવસ માટે એમને નાની છોકરી સાથે, શારદાદેવી પાસે રહેવા આવવા આમંત્રણ આપ્યું. મહેન્દ્રનાથને લાગ્યુ કે એનાથી એમનાં પત્નીને, તેઓશ્રીના સાનિધ્યમાં આશ્વાસન અને શક્તિ બન્ને પ્રાપ્ત થશે; એ વિચાર માત્ર થી એ ખૂબ અહેસાનમંદ બની ગયા. શ્રી. મહેન્દ્રનાથે એ નોંધ પણ કરી છે કે તેજ દિવસની રાતે નવ વાગે જ્યારે તેઓ, શ્રી રામકૃષ્ણદેવને પંખો નાંખી રહ્યા હતા ત્યારે તેઓશ્રીના ગળામાં કોઈ ભકતે પહેરાવેલો ફુલનો હાર હતો તે તેઓએ કાઢી મનમાં કંઈક બોલી પછી મને (શ્રી. મહેન્દ્રનાથના ગળામાં) પહેરાવી દીધો. તે વખતે તેઓ ખૂબ ખુશમીજાજમાં હતા.

આ આપણા માટે શ્રી. રામકૃષ્ણદેવની વિદાયની ઝાંખી છે, કારણ કે શ્રી. મહેન્દ્રનાથે ગુરુદેવના અંતિમ સાડાત્રણ મહિનાની કોઈ નોંધ કરી નથી. જો કે એ સાચું છે કે આ ગાળા દરમ્યાન શ્રી. રામકૃષ્ણદેવ પોતાની મોટાભાગની રહીસહી શક્તિ પોતાના યુવાન સાધુચરિત શિષ્યોને તાલીમ આપવામાં ખર્ચતા. આથી દેખીતી રીતે જ, ઘરમાં તેઓની સારવાર કરતા ભક્તો માટે એમની પાસે ખાસ સમય રહેતો નહિ હોય. વધુમાં એમની શારીરિક સ્થિતિ પણ ઉત્તરોત્તર બગડતી જ રહી હતી. આમ છતાં શ્રી. મહેન્દ્રનાથ તેઓને અવારનવાર મળવા આવતા. એમ કહેવાય છે કે શ્રી. મહેન્દ્રનાથે આ ગાળા માટે નોંધ કરવાનું એટલા માટે છોડી દીધું કે કેન્સરના આખરી તબક્કાથી ગુરુદેવનું મૃત્યુ થયું તેનું આલેખન કરવા એ અસમર્થ બની ગયા. શ્રી. રામકૃષ્ણદેવના મૃત્યુ પછી તુરતજ તા. ૧૬–ઓગસ્ટ ૧૮૮૬ના રોજ સાંજે તેમના શરીર ને અંતિમ અગ્નિ સંસ્કાર માટે લઇ ગયા, તે વખતે શિષ્યોને ભક્તોના સમુદાયના લેવાયેલ સમૂહ ફોટામાં તેઓ પોતાની સ્વભાવગત નમ્રતા પ્રમાણે પાછલી હરોળમાં

એક બાજુ છેવાડે ઊભેલા દેખાય છે.

કથામૃતના બાવનમાં ને આખરી પ્રકરણમાં શ્રી. મહેન્દ્રનાથે રામકૃષ્ણદેવના મૃત્યુ પછી યુવાન સાધુઓએ બારાનગર ખાતે સ્થાપેલ મઠની લીધેલ કેટલીક મુલાકાતોનું વર્ણન છે. આવી પહેલી મુલાકાત તા. ૨૧ ફેબ્રુ. ૧૮૮૭ના રોજ લીધેલી અને છેલ્લી તેજ વર્ષના મેની ૧૦મી તારીખે.

શ્રી. મહેન્દ્રનાથનો જીવનકથાના લેખક તરીકેનો સૌથી મોટો કોઇ ગુણ હોય તો તેઓ સર્વ પ્રકારના પૂર્વગ્રહોથી મુક્ત છે. શ્રી. રામકૃષ્ણદેવ સાથેની બીજી મુલાકાત વેળા પોતાને કેવા ઝંખવાણા પડી જવું પડે છે, તેનું વર્ણન તેમણે પોતે જ કરેલું છે. તો બીજી બાજુ કથામૃતમાં કેટલેક ઠેકાણે શ્રી. રામકૃષ્ણદેવ તેમનાં કેવાં વખાણ કરે છે ને કેવો પ્રેમભાવ દર્શાવે છે, તે પણ તેમણે સરળભાવે આલેખ્યું છે. એમના સ્થાને કોઈ બીજો નમ્રતા પ્રત્યે સભાનતાવાળો લેખક હોત તો એણે પોતાનાં વખાણ લખ્યાં ન હોત. પરંતુ આ દર્શાવે છે એ એમનામાં સત્યના આલેખનની બાબતમાં આત્મભાનની ભાવનાની ઉણપ હતી. ( ક્રમશઃ )

રસ્તાઓ, તથા માર્ગ જુદા જુદા હોવા છતાં ગંતવ્ય સ્થાન એકજ હોય છે.

*

ભગવાનની સાથે મનોમન વાતો કરતા શીખો, દરેકવાત પરમત્મા સાથે કરતા શીખો.



# શ્રેયયાત્રા–૧૭

ભાઇલાલભાઈ છાટબાર

## એકાંતિક યોગી, નિષેધ, વક્તા–શ્રોતા, અભ્યાસ, યોગનિદ્રા

આજે તા. ૨૭–૧૧–૫૨ ગુરુવારે સવારે જઈને પ્રણામ કરીને બેઠો. મહાત્માજી ગાદી ઉપર તકિયાને અઢેલીને બેઠા છે. બે ભાઇઓ સાથે આ પ્રમાણે સંવાદ ચાલ્યો.

પ્રશ્ન—હિમાલયમાં ક્યાંક ગુફામાં મહાન યોગી હોય તેનાથી દુનિયાને શો લાભ ?

મહાત્માજી—એકાંતમાં બેઠેલ યોગી પોતાના સંકલ્પના અમાપ બળથી સમસ્ત સંસારને લાભ પહોંચાડી શકે છે. સદ્ભાવનાપૂર્ણ સંકલ્પો કલ્યાણ કરી શકે છે. જે કામ મોટા મોટા નેતાઓ ન કરી શકે તે કામ યોગી કરી શકે છે. ઉત્તમોત્તમ આધ્યાત્મિક અવસ્થાએ પહોંચેલા યોગીઓ સંકલ્પો દ્વારા નિર્ધારિત કાર્ય કરી શકે છે.

પ્રશ્ન—સિદ્ધિ માટે હિમાલયમાં જવું જરૂરી ખરું ?

મહાત્માજી—સત્ય અને અહિંસાની સાધના માટે ગાંધીજીને અનેક લોકો કહેતા કે હિમાલય યોગ્ય સ્થાન છે. પરન્તુ ગાંધીજી કહેતા કે લાખો કરોડો કચડાયેલા અને ગરીબો માટે સક્રિય કર્મયોગ સંસારમાં રહીને જ ઉચિત છે. તેઓને માટે સમસ્ત સંસાર હિમાલયની પવિત્ર ભૂમિ હતો.

પ્રશ્ન—આ કરવું ને આ ન કરવું એવા એવા નિષેધો જ પુસ્તકોમાં અને સાધુસંન્યાસીના બોધમાં મળે છે, તો જીવન શું માત્ર નિષેધ છે ?

મહાત્માજી—તમે જેને નિષેધ કહો છો તે સંયમની વાત છે સંયમ વિધેયાત્મક છે—તે કોઈ નિષેધાત્મક વસ્તુ નથી. સંયમ મનુષ્યને અલિપ્ત રહેવાની કળા શીખવે છે. તે વિષયોના વાયુ-થી મુક્ત રાખે છે. સાધક વાતાવરણના પ્રભાવથી બદલાય નહિ. સાધક વાતાવરણને બદલાવી દે.

રાતનું પ્રવચન સાર ભાગે આ પ્રમાણે હતું:—

વક્તવ્ય અને શ્રવણ બંને સાધન-ભજન બની જાય છે. વક્તાનું ધ્યાન ભગવાનમાં રહે અને શ્રોતાઓમાં વિશ્વરૂપદર્શન કરે એટલે વક્તવ્ય એ ભજન બની જાય છે. શ્રોતાઓનું ધ્યાન પણ ભગવાનમાં રહે એટલે શ્રવણ સાધના જ બની રહે છે.

સત્યપદાર્થ ભૂલાઈ જવાય તો ઉપદેશકનો ઉપદેશ પણ મિથ્યા બની જાય છે.

વક્તા વીતરાગ હોવા જોઈએ. વક્તા પરમાત્માના પ્રેમનો અનુભવ કરી ચૂકેલા હોવા જોઈએ. વક્તા જનકલ્યાણની વૃત્તિ-વાળા હોવા જોઈએ.

વક્તાના જીવનમાં બોધ ઊતર્યો ન હોય તો શ્રોતાને કદાચિત્ બોધનો લાભ થઈ જાય પરન્તુ વક્તાનું જીવન કોરું અને સૂકું રહે છે.

પરમાત્માની વાતોમાં મશગુલ બની ગયેલ જિજ્ઞાસુ શ્રોતા દુર્લભ છે.

શ્રોતા અને વક્તા બંનેની પરમાત્મા રક્ષા કરે તે માટે પ્રાર્થના છે.

શ્રોતા અને વક્તાનો સુમેળ થાય ત્યાં મુક્તિ આવીને ઊભી રહે છે અને જીવનમુક્ત દશાને લાવી આપે તેવો ગંગાનો પવિત્ર પ્રવાહ જીવનમાં આવી મળે છે............

પ્રવચનમાં મહાત્માજીએ મહાકવિ કાલિદાસની પંક્તિઓ ટાંકી હતી. પ્રવચન અને ધૂન બાદ રાતની સત્સંગ-બેઠક શરૂ



થઈ. ક્રમ મુજબ મેં હસ્તલિખિત પ્રતમાંથી ત્રણ-ચાર પૃષ્ઠ વાંચ્યાં, વાચન ઉપર વિચારોની આપ-લે થઈ. આજે નીચે પ્રમાણે સંવાદ ચાલ્યો:—

પ્રશ્ન—રોજે રોજનો સાધન-ભજનનો અભ્યાસ શું ફળ આપે?

મહાત્માજી—મહર્ષિ પતંજલિ કહે છે કે સમસ્ત પ્રકારના અભ્યાસોનું ધ્યેય મનને શાન્ત કરવાનું છે. અભ્યાસ દ્વારા પરમ ચેતનાનો અનુભવ કરવાનો છે. નિરુપાધિક અને નિર્વિ-કલ્પ સ્થિતિ પ્રાપ્ત કરવાની છે. આત્માના પરમ મૌક્તિકને પ્રાપ્ત કરવાનું છે.

અભ્યાસથી મન સંયમી અને વશ બને છે. વર્ષો સુધીના સતત અભ્યાસ દ્વારા તે વશ થાય છે. અભ્યાસ પ્રત્યેક શ્વાસ સાથે વણાઈ જવો જોઈએ. તેમ ન બને તો રોજ રોજ થોડા કલાક તે અભ્યાસ સત્કારપૂર્વક કરવો જોઈએ. કોઈ ઉત્સવની માફક તેમાં સામેલ થવાનું છે કેમકે જીવ અને શિવનો મેળાપ કરાવવાનો છે.

પ્રશ્ન—યોગનિદ્રા શું છે?

મહાત્માજી—મન ડૂબી જાય અને બાહ્ય પદાર્થોનો સંબંધ છૂટી જાય તે સ્થિતિને યોગનિદ્રા કહે છે. આ સ્થિતિમાં સાધક પ્રાણના પ્રદેશથી ઉપર ઊઠી જાય છે અને તેનું મન વિલીન થઈ જાય છે.

પ્રશ્ન—ધ્યાનમાં ડૂબી જતાં ભય ઊભો થાય તો શું કરવું?

મહાત્માજી—વિચારો અને ભાવોનો ધક્કો એટલો જોરદાર હોય છે કે સાધકને ડર લાગી જાય છે. આવી ભયની ભાવના-ને કેટલાક સાધક છોડી શકતા નથી અને ઉઘાડી આંખે જપ-ધ્યાન કરે છે પરન્તુ તે ભયને છોડીને આનંદના સાગર-

# શ્રીમદ્ રાજચંદ્ર

મહાત્મા ગાંધીજી.

[ અહીં વર્ણવેલા રાયચંદભાઈ એજ શ્રીમદ્ રાજ ચંદ્ર ]-

"મારા ઉપર ત્રણ પુરુષો ઉંડી છાપ પાડી છે ટોલ્સ્ટોય, રસ્કિન અને રાયચંદભાઇ. ટોલ્સ્ટોયની તેમના અમુક પુસ્તક દ્વારા અને તેમની સાથેના થોડા પત્રવ્યવહારથી, રસ્કિનની તેમના એક જ પુસ્તક Unto this Last ( અન્ટુ ધીસ લાસ્ટ " થી, જેનું ગુજરાતી નામ " સર્વોદય " મેં રાખ્યું છે. અને રાયચંદભાઇની તેમની સાથેના ગાઢ પરિચયથી. હિંદુ ધર્મમાં મને શંકા પેદા થઇ તે સમયે તેના નિવારણમાં મદદ કરનાર શ્રી રાયચંદભાઇ હતા. સને ૧૮૯૩ની સાલમાં

( પાના ૧૫ નું ચાલુ )

માં તેણે મરજીવાની માફક ડૂબી જવાનું છે. આવી નિર્ભિક અવસ્થા સાધકે પેદા કરવી જોઇએ.

અતીન્દ્રિય દ્વારને ઉઘાડવાનું છે તેથી ભયભીત મનને સમજાવવાનું રહે છે. શરીર અને પ્રાણથી ઉપર ઊઠી જઈ મનબુદ્ધિની પારના પ્રદેશમાં તેણે પ્રવેશ કરી પરમાત્મચેતનાનો અનુભવ કરવાનો છે.

આ સત્સંગબેઠકના અંતે કોઈ કોઈ વાર માહાત્માજી થોડા સંસ્કૃત શ્લોકો ગાય છે અને પછી એકાદ-બે ગીતભજન ગાય છે.

આજે ચાર-પાંચ સંસ્કૃત શ્લોક મહાત્માજીએ ગાયા. શ્લોકો સરલ હોય છે મહાત્માજી તેનો અર્થ કરતા હોય છે. અંતમાં તેઓશ્રીએ ક્રમ મુજબ બે ગીતભજન ગાયા. અને પછી સૌએ પ્રણામ કરી રજા લીધી. (ક્રમશઃ)



દક્ષિણ આફ્રિકાના હું કેટલાક ખ્રિસ્તી સજ્જનોના ખાસ સંબંધમાં આવેલો. તેમનું જીવન સ્વચ્છ હતું. તે ધર્મચુસ્ત હતા. બીજા ધર્મવાળાને ખ્રિસ્તી થવા તે સમજાવવા તેમનો મુખ્ય વ્યવસાય હતો. જો કે મારે તેમની સાથેનો સંબંધ વ્યાવહારિક કાર્યને જ અંગે થયેલો તોપણ તેમણે આત્માના કલ્યાણ અર્થે ચિન્તા કરવા માંડી. મારૂં એક કર્તવ્ય હું સમજી શકય. જ્યાં સુધી હિન્દુધર્મનુ રહસ્ય હું પૂરૂં ન જાણી લઉં અને તેનાથી મારા આત્માને અસંતોષ ન થાય, ત્યાં સુધી મારા જન્મનો ધર્મ મારે ન જ તજવો જોઇએ. તેથી મેં હિંદુ અને બીજાં ધર્મ પુસ્તકો વાંચવાં શરૂ કર્યાં, ખ્રિસ્તી મુસલમાની પુસ્તકો વાંચ્યાં. લંડનમાં થયેલા અંગ્રેજ મિત્રોની સાથે પત્રવ્યહવાર ચલાવ્યો. તેમાં રાયચંદભાઈ મુખ્ય હતા. તેમની સાથે તો મને સરસ સંબંધ બંધાઈ ચૂકયો હતો. તેમના પ્રત્યે માન હતું, તેથી તેમની મારફતે જે મળી શકે, તે મેળવવા વિચાર કર્યો. તેનું પરિણામ એ આવ્યું કે હું શાંતિ પામ્યો. હિંદુ ધર્મમાં મને જે જોઇએ તે મળે એમ છે, એવો મને વિશ્વાસ આવ્યો. આ સ્થિતિ માટે રાયચંદભાઇ જવાબદાર થયા.

એમ છતાં મેં એમને ધર્મગુરુ નથી, માન્યા ધર્મગુરુની શોધ જ કર્યા કરૂં છું, અને હજુ સુધી મને બધાંને વિષે જવાબ 'આ નહિ' એમ જ માળ્યો છે. એવા સંપૂર્ણ ગુરુ મળવાને સારૂ અધિકાર જોઇએ. તે કયાંથી કાઢું !

શ્રી રાયચંદભાઇ સાથે મારી ઓળખાણ સન ૧૮૯૧ના જુલાઈ માસમાં જે દિવસે હું વિલાયતથી પાછો ફરી મુંબઇ પહોંચ્યો તે જ દિવસે થઇ. એ દિવસોમાં દરિયામાં તોફાન હોય છે, તેથી આગબોટ મોડી પહોંચેલી ને રાત પડી ગઈ હતી. મારો ઉતારો દાકતર-બેરિસ્ટર અને હવે રંગુનના પ્રખ્યાત ઝવેરી પ્રાણજીવનદાસ મહેતાને ત્યાં હતો. રાયચંદ-

ભાઈ તેમના વડીલભાઈના જમાઈ થાય. દાકતરોજ પરિચય કરાવેલો. તેમના બીજા વડીલભાઈ ઝવેરી રેવાશંકર જગજીવનદાસની ઓળખ પણ તે જ દિવસે થઈ. દાકતરે રાયચંદભાઈને કવિ કહીને ઓળખાવ્યા, અને મને કહ્યું: "છતાંયે અમારી સાથે વેપારમાં છે. તેઓ જ્ઞાની છે, શતાવધાની છે." કોઈ કે સૂચના કરી કે મારે કેટલાક શબ્દો તેમને સંભળાવવા ને તેઓ તે શબ્દો ગમે તે ભાષાના હશે તો પણ જે ક્રમમાં હું બોલ્યો હઈશ તે જ ક્રમમાં પાછા કહી જશે. મને આ સાંભળી આશ્ચર્ય થયું, હું તો જુવાનિયો, વિલાયતથી આવેલો, મારા ભાષા જ્ઞાનનો ડોળ. મને વિલાયતનો પવન ત્યારે કંઈ ઓછો ન હતો, વિલાયતથી આવ્યા એટલે ઊંચેથી ઉતર્યાં. મેં મારૂં બધું જ્ઞાન ઠાલવ્યું અને જુદી જુદી ભાષાના શબ્દો પ્રથમ તો મેં લખી કાઢયા કેમકે મને ક્રમ કયાં યાદ રહેવાનો હતો? અને પછી તે શબ્દો હું વાંચી ગયો. તે જ ક્રમમાં રાયચંદભાઈએ હળવેથી એક પછી એક બધા શબ્દો કહી દીધા. હું રાજી થયો, ચકિત થયો અને કવિની સ્મરણશક્તિ વિષે મારો ઊંચો અભિપ્રાય બંધાયો. વિલાયતનો પવન હળવો પાડવા સારૂ આ અનુભવ સરસ થયો ગણાય.

કવિને અંગ્રેજી જ્ઞાન મુદ્દલ ન હતું; તેમની ઉમ્મર તે વખતે પચ્ચીસથી ઉપર ન હતી. ગુજરાતી નિશાળમાં પણ થોડો જ અભ્યાસ કરેલો. છતાં આટલી સ્મરણશક્તિ, આટલું જ્ઞાન અને આટલું તેમની આસપાસનાઓ તરફથી માન, આથી હું મોહાયો. સ્મરણશક્તિ નિશાળમાં નથી વેચાતી. જ્ઞાન પણ નિશાળની બહાર જો ઇચ્છા થાય–જિજ્ઞાસા હોય–તો મળે અને માન પામવાને સારૂ વિલાયત કે કયાંયે જવું નથી પડતું, પણ ગુણને માન જોઈએ તો તે મળી રહે છે, એ પદાર્થપાઠ મને મુંબઈ ઊતરતાં જ મળ્યો.



કવિની સાથેનો આ પરિચય બહુ આગળ ચાલ્યો. સ્મરણશક્તિ ઘણાની તીવ્ર હોય, તેથી અંજાવાની કશી જરૂર નથી. શાસ્ત્ર જ્ઞાન પણ ઘણાને જોવામાં આવે છે, પણ જો તે સંસ્કારી ન હોય તો તેમની પાસેથી ફુટી બદામ પણ નથી મળતી. સંસ્કાર સારા હોય ત્યાં જ સ્મરણશકિત અને શાસ્ત્રજ્ઞાનનો મેળાપ શોભે અને જગતને શોભાવે. કવિ સંસ્કારી જ્ઞાની હતા.

અપૂર્વ અવસર એવો કયારે આવશે?
કયારે થઈશું બાહ્યાન્તર નિર્ગ્રંથ જો?
સર્વ સંબધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો. —અપૂર્વ...
સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો,
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ,
દેહે પણ કિંચિત મૂર્છા નવ જોય જો.—અપૂર્વ...

શ્રી. રાયચંદભાઈના ૧૮ વર્ષની ઉમ્મરે નીકળેલા અપૂર્વ ઉદ્ગારની આ પહેલી બે કડીઓ છે.

જે વૈરાગ્ય એ કડીઓમાં જળહળી રહ્યો છે તે મેં તેમના બે વર્ષના ગાઢ પરિચયમાં ક્ષણે ક્ષણે તેમનામાં જોયેલો. એમનાં લખાણોની એક અસાધારણતા એ છે કે પોતે જે અનુભવ્યું તે જ લખ્યું છે. તેમાં ક્યાંય કૃત્રિમતા નથી. બીજાની ઉપર છાપ પાડવા સારૂ એક લીટી સરખી પણ લખી હોય એમ મેં નથી જોયું. તેમની પાસે હમેશાં કંઈક ધર્મપુસ્તક અને એક કોરી ચોપડી પડેલાં જ હોય. એ ચોપડીમાં પોતાના મનમાં જે વિચાર આવે તે લખી નાખે. કોઇ વેળા ગદ્ય ને કોઇ વેળા પદ્ય, એવી રીતે જ 'અપૂર્વ અવસર' પણ લખાયેલું હોવું જોઈએ.

ખાતાં, બેસતાં, સૂતાં, પ્રત્યેક ક્રિયા કરતાં તેમનામાં વૈરાગ્ય તો હોય જ. કોઈ વખત આ જગતના કોઈ પણ વૈભવને વિષે તેમને મોહ થયો હોય એમ મેં નથી જોયું.

તેમની રહેણીકરણી હું આદરપૂર્વક પણ ઝીણવટથી તપાસતો ભોજનમાં જે મળે તેથી સંતુષ્ટ રહેતા. પહેરવેશ સાદો. પહેરણ અંગરખું, બેસ, ગરભસૂત્તરો ફેંટો ને ધોતી. એ કંઈ બહુ સાફ કે ઇસ્ત્રીબંધ રહેતાં એમ મને સ્મરણ નથી. ભોંયે બેસવું ખુરસીએ બેસવું બન્ને સરખાં હતાં. સામાન્ય રીતે પોતાની દુકાનમાં ગાદીએ બેસતા.

તેમની ચાલ ધીમી હતી, અને જોનાર સમજી શકે કે ચાલતાં પણ પોતે વિચારમાં ગ્રસ્ત છે. આંખમાં ચમત્કાર હતો : અત્યંત તેજસ્વી, વિહ્વળતા જરાયે ન હતી. આંખમાં એકાગ્રતા લખેલી હતી. ચહેરો ગોળાકાર, હોઠ પાતળા, નાક અણીદાર પણ નહિ, ચપટું પણ નહિ. શરીર એકવડું, કદ મધ્યમ, વર્ણ શ્યામ, દેખાવ શાંત મૂર્તિનો હતો. તેમના કંઠમાં એટલું બધું માધુર્ય હતું કે તેમને સાંભળતાં માણસ થાકે જ નહિ. ચહેરો હસમુખો ને પ્રફુલ્લિત હતો. તેની ઉપર અંતરાનંદની છાયા હતી. ભાષા એટલી પરિપૂર્ણ હતી કે તેમને પોતાની વિચારો બતાવતાં કોઈ દિવસ શબ્દ ગોતવો પડ્યો છે એમ મને યાદ નથી, કાગળ લખવા બેસે ત્યારે ભાગ્યે જ શબ્દ બદલતાં મેં એમને જોયા હશે; છતાં વાંચનારને એમ નહિ લાગે કે ક્યાંયે વિચાર અપૂર્ણ છે કે વાક્યરચના તૂટેલી છે, અથવા શબ્દની પસંદગીમાં ખોડ છે.

આ વર્ણન સંયમીને વિષે સંભવે. બાહ્યાડંબરથી મનુષ્ય વીતરાગી નથી થઈ શકતો. વીતરાગતા એ આત્માની પ્રસાદી છે. અનેક જન્મના પ્રયત્ને મળી શકે છે, એમ હર કોઈ માણસ અનુભવી શકે છે. રાગોને કાઢવાનો પ્રયત્ન કરનાર



જાણે છે કે રાગરહિત થવું કેવું કઠિન છે. એ રાગરહિત દશા કવિને સ્વાભાવિક હતી, એમ મારી ઉપર છાપ પડી હતી.

મોક્ષનું પ્રથમ પગથિયું વીતરાગતા છે. જ્યાં સુધી જગતની એક પણ વસ્તુમાં મન ખૂંચેલું છે, ત્યાં સુધી મોક્ષની વાત કેમ ગમે ? અથવા ગમે તો તે કેવળ કાનને જ— એટલે જેમ આપણને અર્થ જાણ્યા સમજ્યા વિના કોઈ સંગીતનો કેવળ સૂર જ ગમી જાય તેમ. એવી માત્ર કર્ણપ્રિય ગમ્મતમાંથી મોક્ષને અનુસરનારૂં વર્તન આવતાં તો ઘણો કાળ વહી જાય. આંતર વૈરાગ્ય વિના મોક્ષની લગની ન થાય. એવી વૈરાગ્યલગની કવિની હતી.

સામાન્ય માન્યતા એવી હોય છે કે વ્યહવાર કે વેપાર અને પરમાર્થ અથવા ધર્મ એ બે નોખી ને વિરોધી વસ્તુ છે. વેપારમાં ધર્મ દાખલ કરવો એ ગાંડપણ છે, એમ કરવા જતાં બન્ને બગડે. આ માન્યતા જો ખોટી ન હોય તો આપણે કપાળે કેવળ નિરાશા જ લખેલી હોય. એવી એક પણ વસ્તુ નથી, એવો એક પણ વ્યહવાર નથી કે જેમાંથી આપણે ધર્મને દૂર રાખી શકીએ.

ધાર્મિક મનુષ્યનો ધર્મ તેના પ્રત્યેક કાર્યમાં જણાવો જ જોઈએ એમ રાયચંદભાઈએ પોતાના જીવનમાં બતાવી આપ્યું હતું. ધર્મ કંઈ એકાદશીને દહાડે જ, પજુસણમાં જ, ઈદને દહાડે કે રવિવારે જ પાળવાનો, અથવા તો મંદિરોમાં, દેરાંઓમા ને મસ્જીદોમાં જ પાળવાનો; પણ દુકાનમાં કે દરબારમાં નહિ, એવો કોઈ નિયમ નથી. એટલું જ નહિ પણ એમ કહેવું એ ધર્મને ન ઓળખવા બરાબર છે, એમ રાયચંદભાઈ કહેતા, માનતા ને પોતાના આચારમાં બતાવી આપતા.

(વધુ આવતા અંકે)

# શ્રીમદ્ રાજચંદ્રના અમૃતવચનો–૧

સંકલન : ઈશ્વરભાઈ પટેલ
સાન્ટાએના

૧ રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું; નિદ્રાથી મુક્ત થયા, ભાવનિદ્રા ટાળવાનો પ્રયત્ન કરજો, વ્યતીત રાત્રિ અને ગઈ જિંદગી પર દૃષ્ટિ ફેરવી જાઓ.

૨ જેને મૃત્યુની સાથે મિત્રતા હોય અથવા જે મૃત્યુથી ભાગી છૂટી શકે એમ હોય અથવા હું નહીં જ મરું એમ જેને નિશ્ચય હોય તે ભલે સુખે સૂવે—

૩ જિંદગી ટૂંકી છે અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટૂંકી કર તો સુખરૂપે જિંદગી લાંબી લાગશે. સ્ત્રી, પુત્ર, કુટુંબ લક્ષ્મી ઇત્યાદિ બધાં સુખ તારે ઘેર હોય તોપણ એ સુખમાં ગૌણતાએ દુઃખ રહ્યું છે એમ ગણી આજના દિવસમાં પ્રવેશ કર.

૪ બહુમાન, નમ્રભાવ, વિશુદ્ધ અંતઃકરણથી પરમાત્માના ગુણ સંબંધી ચિંતવન, શ્રવણ, મનન, કીર્તન, પૂજા–અર્ચન એ જ્ઞાની પુરુષોએ વખાણ્યાં છે, માટે આજનો દિવસ શોભાવજો.

૫ જેને ઘેર આ દિવસ ક્લેશ વગરનો, સ્વચ્છતાથી, શૌચતાથી, સંપથી, સંતોષથી, સૌમ્યતાથી, સ્નેહથી, સભ્યતાથી, સુખથી જશે તેને ઘેર પવિત્રતાનો વાસ છે.

૬ મહાનીતિ (આચર) ૧ ગૃહસ્થાશ્રમ વિવેકી કરવો.
૨ સત્ય પણ કરુણામય બોલવું.
૩ નિર્દોષ સ્થિતિ રાખવી.
૪ વૈરાગી હૃદય રાખવું.
૫ દર્શન પણ વૈરાગી રાખવું.



૬ પ્રત્યેક પ્રકારથી પ્રમાદને દૂર કરવો.
૭ શિર જતાં પણ પ્રતિજ્ઞા ભંગ ન કરવી.

૭ ઝાઝાનો મેળાપ અને થોડા સાથે અતિ સમાગમ એ બંને સમાન દુઃખદાયક છે.

૮ કોઇને અંતઃકરણ આપશો નહિ, આપો તેનાથી ભિન્નતા રાખશો નહિ; ભિન્નતા રાખો ત્યાં અંતઃકરણ આપ્યું તે ન આપ્યું બરાબર છે.

૯ તું ગમે તે ધર્મમાં માનતો હોય તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય કે જે રાહથી સંસારમળ નાશ થાય તે ભકિત, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે. મૂળ તત્ત્વમાં કયાંય ભેદ નથી, માત્ર દૃષ્ટિમાં ભેદ છે એમ ગણી, આશય સમજી, પવિત્ર ધર્મમાં પ્રવર્તન કરજે.

૧૦ વર્તનમાં બાલક થાજે, સત્યમાં યુવાન થાજે, જ્ઞાનમાં વૃદ્ધ થાજે.

૧૧ ચંચળ ચિત્ત એ જ સર્વ વિષમ દુઃખનું મૂળિયું છે.

૧૨ મનને વશ કર્યું તેણે જગતને વશ કર્યું.

૧૩ સ્થિર ચિત્ત કરીને ધર્મ અને શુકલ ધ્યાનમાં પ્રવૃત્તિ કરો.

૧૪ અલ્પ આહાર, અલ્પ વિહાર, અલ્પ નિદ્રા, નિયમિત વાચા, નિયમિત કાયા, અનુકૂળ સ્થાન એ મનને વશ કરવાનાં ઉત્તમ સાધનો છે

૧૫ જીવ પોતાને ભૂલી ગયો છે અને તેથી સત્ સુખનો તેને વિયોગ થયો છે એમ સર્વ ધર્મ સમ્મત કહ્યું છે

૧૬ દૃષ્ટિવિષ ગયા પછી ગમે તે શાસ્ત્ર, ગમે તે અક્ષર, ગમે તે કથન, ગમે તે સ્થળ પ્રત્યે અહિતનું કારણ થતું નથી.

૧૭ જે મનુષ્ય સત્પુરુષોનાં ચરિત્રરહસ્યને પામે છે તે મનુષ્ય પરમેશ્વર થાય છે.

૧૮ હું સચ્ચિદાનંદ પરમાત્મા છું.

૧૯ પરમાત્માને ધ્યાવવાથી પરમાત્મા થવાય છે; પણ તે ધ્યાવન આત્મા સત્પુરુષના ચરણકમળની વિનયોપાસના વિના પ્રાપ્ત કરી શકતો નથી.

૨૦ આત્માનું સત્યસ્વરૂપ એક શુદ્ધ સચ્ચિદાનંદમય છે; છતાં ભ્રાંતિથી ભિન્ન ભાસે છે, જેમ ત્રાંસી આંખ કરવાથી ચંદ્ર બે દેખાય છે.

૨૧ સંસારરૂપી કુટુંબને ઘેર આપણો આત્મા પરોણા દાખલ છે.

૨૨ "ધર્મ" એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે. તે બાહ્ય સંશોધનથી મળવાની નથી. અપૂર્વ અંતર-સંશોધનથી તે પ્રાપ્ત થાય છે, અંતર્ સંશોધન કોઈ મહાભાગ્ય સદ્ગુરુ અનુગ્રહે પામે છે.

પરમાત્મા સાથેનું અનુસંધાન તે ભક્તિ છે.

●

જે સાધનો બહારથી જુદા લાગે છે. પરંતુ અંતરંગ દૃષ્ટિએ જોઈએ છીએ તો લક્ષ એક જ છે. કે તે દ્વારા પરમાત્મા પ્રતિ અભિમુખ થવું.



# આપણી દેવ પ્રતિમાઓ

પ્રા. જનાર્દન દવે

## સ્વરૂપચર્ચા

આપણા વૈદિક ધર્મમાં પરમાત્માનાં નિર્ગુણ અને સગુણ એવાં બે સ્વરૂપો સ્વીકારવામાં આવ્યાં છે. શ્રીમદ્ ભાગવતમાં ભગવાનની સ્તુતિ કરતાં એવું કહેવામાં આવ્યું છે કે यद् यद् धिया त ऊरुगाय विभावयन्ति तद् तद् वपुः प्रणयसे सदनुग्रहाय " હે વિશાળકીર્તિવાળા પ્રભુ, ભક્તો પોતાની ઉપાસના માટે આપનાં જેવાં જેવાં સ્વરૂપોની પોતાની બુદ્ધિ-વડે કલ્પના કરે છે તેવાં તેવાં સ્વરૂપો આપ તેની ઉપાસનાને કૃતાર્થ કરવા માટે ધારણ કરો છો." પરમાત્મા સર્વશક્તિમાન હોવાથી ભગવાન ઇચ્છિતરૂપો ધારણ કરી શકે છે.

આમ છતાં વેદોમાં, સ્મૃતિઓમાં, પુરાણોમાં, કાવ્યોમાં પ્રભુનાં કેટલાંક સ્વરૂપો ધ્યાન માટે, ઉપાસના માટે નિશ્ચિત કરી દેવામાં આવ્યાં છે. મંદિરોમાં ભગવાનનાં શ્રીવિગ્રહો પણ આ શાસ્ત્રસંમત રીતે પ્રસ્થાપિત કરવામાં આવ્યાં છે. આપણી આવી દેવ પ્રતિમાઓ વિષે આપણે વિચાર કરવાના છીએ.

મહારાષ્ટ્રના પંઢરપુરમાં વિરાજતા ભગવાન વિઠ્ઠલનાથજી ઇતિહાસ પ્રમાણે તો પુંડલિક નામના માતૃપિતૃભક્ત પર કૃપા કરવા તેને ઘેર પધાર્યા. પરંતુ પુંડલિકના ઘરમાં માતાપિતાની ખાટલી ઉપરાંત વધારાની જગ્યા ન હોવાથી પુંડલિકે ભગવાનને ઊભા રહેવા માટે ઈંટ આપી. પ્રભુ ઈંટ પર ઊભા રહ્યા, પિતૃસેવામાં વિલંબ થતાં ભગવાન થાકી ગયા તેથી તેમણે પોતાના બન્ને હાથ કમર પર મૂકયા. આજે પણ આ પ્રતિમા પંઢરપુરમાં વિરાજે છે.

આચાર્ય શંકરે આ પ્રતિમાનાં દર્શન કર્યાં ત્યારે તેમને અભિનવ કલ્પના આવી. ભગવાને કંઈ થાકી જવાથી કમર પર હાથ ધર્યા નથી. તો શું છે? શંકરસ્વામી બોલ્યા છે :

**प्रमाणं भवाब्धेरिदं मामकानां**

**नितम्बः कराभ्यां धृतो येन यस्मात् ।**

સંસાર સાગર દુસ્તર છે. તેમાં માયાનાં વિલાસ જળ ઘણાં ઊંડાં જેવા તેવાને તો ડૂબાડી દે તેવાં છે, પણ ભગવાન કમર પર હાથ ધરી એવું દર્શાવે છે કે મારાં શરણે આવેલા ભક્તો માટે તો બસ સંસાર સમુદ્રનું પાણી આટલું-કમર સુધીનું જ છે, અર્થાત્ મારા ભક્તો સંસાર સાગર સરલતાથી અનાયાસ તરી શકે છે.

હવે લઈએ પરાંબા ભગવતી મહાકાળીના સ્વરૂપની વાત. મા કાલી શ્મશાનમાં શિવનાં વક્ષસ્થલ પર ઊભાં છે. વામ ભાગની બે ભુજાઓમાં ઉપરના હાથમાં ભુશંડી અને નીચેની ભુજામાં નરમુંડ છે. દક્ષિણ ભુજાઓ વડે અભય અને વરદાન આપે છે. તેમના શ્રીઅંગ પર દસ નરમુંડોની માળા છે; અને જિહ્વા બહાર છે, વેદાંતીઓ માને છે કે બ્રહ્મતત્ત્વમાં કર્તા ભોક્તાપણું નથી. બ્રહ્મ માત્ર મહાપ્રકૃતિની લીલાના સાક્ષી, દ્દષ્ટા છે. અહીં ભગવાન શિવ શાંતિથી શયન કરીને મહાપ્રકૃતિ પરાંબા કાલીની લીલા સાક્ષી ભાવે જુએ છે. વેદાંતીઓ માને છે કે, મહાપ્રકૃતિ પોતે એકલાં કશું કરતાં નથી. તેઓ બ્રહ્મના આશ્રયે રહીને સર્જન પાલન સંહાર કરે છે. એટલે મહાકાલી પણ શિવના આધાર પર આશ્રયે રહેલાં છે. એટલે કાલી શિવના વક્ષસ્થલ પર ઊભેલાં દેખાય છે. આમ છતાં બ્રહ્મ અનેમહા પ્રકૃતિ કંઈ જુદાં નથી. સૂર્યની ઉષ્ણતા અને અગ્નિની દાહકશક્તિ જુદી થોડી જ છે? શક્તિ શક્તિમાનનો અભેદ જ હોય. એટલે પરમાર્થતઃ તો અભેદ જ છે.



શિવના સમાધાર પર ઊભાં રહેલાં મા કાલીના હાથમાં ભુશંડી નામનું શસ્ત્ર કાલીની સંહાર ક્ષમતા ધરાવે છે. વિશ્વ-પ્રપંચનો લય કરીને મહાસ્મશાનમાં કાલી રમે છે. સંહાર થયા પછી મહત્ નામનું તત્ત્વ ભગવતી કાલીમાં સ્થિતિ કરે છે. મહત્ એટલે બુદ્ધિ, તેનું સ્થાન મસ્તકમાં છે એટલે કાલીના બીજા કરકમલમાં મહત્તત્ત્વના પ્રતીકરૂપે નરમુંડ છે. ચિન્મયી મા કાલીનાં દક્ષિણ કરકમલો અભય અને વરદ મુદ્રા દર્શાવે છે. નકામા બની ગયેલા, વિકાસની શકયતા ગૂમાવી બેઠેલા વિશ્વનો કાલી પ્રલય જરૂર કરે છે પણ નવાં સર્જન માટે આ સંહાર છે એટલે ઉત્પત્તિ અને સ્થિતિ દક્ષિણ ભુજાઓથી દર્શાવે છે. સૃષ્ટિનો સંહાર થયો છે પણ ઉત્પત્તિ કરવા માટે કાલી દસ-પ્રકારની સૃષ્ટિનાં આદિ બીજો પોતાની અંદર ગૂઢરૂપે અવ્યક્ત-રૂપે રાખે છે. આ સૃષ્ટિ બીજો દસ નરમુંડની માળા દ્વારા બતાવ્યાં છે. દસ સૃષ્ટિઓ (૧) કાળ (૨) મહત્ સર્ગ (૩) અહંકાર સર્ગ (૪) ભૂત સર્ગ (૫) ઐંદ્રિય સર્ગ (૬) વૈકારિક સર્ગ (૭) તામસ સર્ગ (૮) મુખ્ય સર્ગ (૯) તિર્યક્ સર્ગ (૧૦) અર્વાક્ સર્ગ ( વિસ્તાર માટે શ્રીમદ્ ભાગવત તૃતીય-સ્કંધ અધ્યાય ૧૦ જુઓ) ભગવતી કાલીનાં કંઠમાં પડેલ દસ નરમુંડો આ દશધા સૃષ્ટિનાં કાલીમાં સુષુપ્ત પડેલાં આદિ બીજો છે. જિહ્વા અંદર હોય તો ષડ્ રસ ભોગવે છે. દિગંબરા ભગવતીની બહાર રહેલી જિહ્વા વૈરાગ્યવૃત્તિ સૂચવે છે.

શાક્ત તંત્રોમાં દસ મહાવિદ્યાઓમાં એક છે ષોડશી. આ ષોડશીને શ્રી લલિતા મહાત્રિપુરસુંદરી પણ કહે છે. આ લલિતા ભંડાસુરના વધ માટે અગ્નિકુંડમાંથી પ્રગટ થયેલાં છે. આ અગ્નિકુંડ સાધારણ નથી. લલિતા સહસ્ર નામમાં કહે છે **चिदग्निकुंडसंभूता** આ હૃદયાકાશરૂપ, પરમાકાશરૂપ કુંડમાં ચિદગ્નિ કુંડમાં આવિર્ભાવ પામેલા છે. શ્રી લલિતાના ચાર

કરકમલમાં પાશ, અંકુશ, ઇક્ષુધનુષ, અને પંચબાણ શોભે છે. શ્રી લલિતા સહસ્ર નામમાં આ ચાર આયુધો સમજાવતાં બોલ્યા છે (૧) रागस्वरूपपाशाढया-સંસારની આસક્તિ એ પાશ છે. જ્યારે શ્રી લલિતા જીવોને મોહગ્રસ્ત રાખવા માગે છે ત્યારે આ પાશ આસક્તિનો છે. બીજી રીતે મા જ્યારે કોઈ ભક્તનો સંસાર છોડાવી પોતાની તરફ ખેંચે છે ત્યારે આ જગન્માતા તો નામથી પણ લલિતા પરમ સુંદર છે તે પોતાના સ્વરૂપની આસક્તિ વડે પોતાના પાશ વડે જીવને પોતાની તરફ આકર્ષે છે (૨) क्रोधाकाराङ्कुशोज्ज्वला માના હાથમાં અંકુશ છે તે ક્રોધ. મા ક્રોધરૂપી અંકુશ વડે ભક્તના અંતઃકરણમાં રહેલા મોહ-મમતા આદિ ષડ્રિપુઓને સંહારે છે. (૩) मनोरूपेक्षुकोदंडा ભક્તનું મન શેરડીના સાંઠા જેવું રસપૂર્ણ, ભાવપૂર્ણ બનાવી મા ભક્તનાં આ મન-રૂપી ધનુષને પોતાના હાથમાં અર્થાત્ સ્વવશ રાખે છે. અથવા સંસારીઓનાં મનરૂપી ધનુષ પર મા પોતાના ચોથા કરકમલમાં રહેલા પંચબાણ (૪) पंचतन्मात्रसायकाः શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એવી તન્માત્રાઓ વડે સંસારમાં ભટકતા રાખે છે.

શ્રી લલિતા પંચ બ્રહ્મના પલંગ પર વિરાજેલાં છે; અર્થાત્ સિંહાસનના ચાર પાયા તરીકે (૧) બ્રહ્મા (૨) વિષ્ણુ, (૩) રુદ્ર (૪) ઈશ્વર રહેલા છે. અર્થાત્ વિશુદ્ધ બ્રહ્મ તો નિર્ગુણ નિર્ધર્મક છે પણ સર્જન, પાલન, સંહાર અને નિગ્રહ અનુગ્રહાદિ તો ઉપાધિભેદે દેખાય છે. એટલે આ ચાર ધર્મોવાળા સગુણ કરતાં પરાશક્તિ વિલક્ષણ છે એમ બતાવવું છે. આ પછી પરમશિવ સિંહાસન પર ગાદી તરીકે વિરાજેલા છે તેના પર શ્રી લલિતા વિરાજમાન છે. અર્થાત્ પરાશક્તિ અને પરમશિવ એક જ છે. અહીં શક્તિનું શિવમાં સામરસ્ય બતાવ્યું છે.



અપણા ઇષ્ટદેવોમાં નારાયણ ભગવાન પ્રસિદ્ધ છે. શ્રીમદ્-ભાગવતના દ્વાદશસ્કંધમાં નારાયણ ભગવાનનાં આભૂષણો, આયુધો અને પરિકર શું છે તે સમજાવેલ છે. ઉત્તમાંગ પરનો ઝળહળતો મુકુટ સર્વોપરિ પરમેષ્ઠિ પદ સૂચવે છે. મકરાકૃતિકુંડલો એ સાંખ્ય અને યોગ છે. કૌસ્તુભમણિ આત્મ-જ્યોતિ છે-શ્રી વત્સનું ચિહ્ન એ આત્મજ્યોતિની પ્રભા છે. વૈજયંતીમાળા એ અનેક ગુણોવાળી માયા છે. પીતાંબર એ વૈદિક મંત્રો છે, વેદનાં ત્રણ સ્વરૂપો યજ્ઞોપવીત છે, ધર્મ અને જ્ઞાન વૈરાગ્ય સાથેનું સત્ત્વ એ નાભિકમલ છે. અવિકારી મૂળ પ્રકૃતિ જ શેષ શય્યા છે, ઓજ-સહ અને બલ ધર્મોવાળું મહત્ તત્ત્વ કૌમોદકી ગદા છે. જલ તત્ત્વ પાંચજન્ય શંખ છે, તૈજસ તત્ત્વ જ સુદર્શન ચક્ર છે. આકાશતત્ત્વ તલવાર છે, તમસ એ ઢાલ છે, કાલ તત્ત્વ શાર્ઙ્ગ નામનું ધનુષ છે.

ઇંદ્રિયો બાણો છે. વેદત્રયી ગરુડ છે, નંદાદિ અષ્ટ પાર્ષદો અષ્ટધા સિદ્ધિઓ છે. આ દેવસ્વરૂપોને તો શાસ્ત્રોના આધારે સમજાવ્યા પણ છેલ્લે ભગવાન ગણેશનું સ્વરૂપ હું આપને અભિનવ રીતે સમજાવવા પ્રયત્ન કરીશ. ગણ એટલે લોકતંત્ર. પૂર્વે યાદવો, લિચ્છવીઓ, યૌધેય પ્રજાઓમાં ગણતંત્રો હતાં. આ પ્રજાઓ લોકશાહી પદ્ધતિથી પોતાનો શાસન વ્યવહાર ચલાવતી. આ ગણોના બંધારણીય વડા, આજના રાષ્ટ્રપતિ કેવા હોવા જોઈએ તે ભગવાન ગણેશનું સ્વરૂપ સમજાવે છે. રાષ્ટ્રનો વડો પ્રખર બુદ્ધિમત્તા ધરાવતો હોવો જોઈએ. પ્રાણી-ઓમાં હાથી સૌથી બુદ્ધિમાન છે એટલે ગણેશ ભગવાનનું મસ્તક હાથીનું છે. રાષ્ટ્રપતિની નજર અતિ સૂક્ષ્મ હોવી જોઈએ-ગણપતિનાં નેત્રો સૂક્ષ્મ છે. ગણપતિ સિદ્ધિ બુદ્ધિના સ્વામી છે. વિજ્ઞાન અને ટેકનોલોજીની સિદ્ધિઓ અને શિક્ષણ સાહિત્યના રાષ્ટ્રપતિ પુરસ્કર્તા હોવા જોઈએ. રાષ્ટ્રપતિ મોટા

પેટના અર્થાત્ ઉદાર હોવા જોઈએ, સંકુચિત સ્વાર્થો અને પક્ષાપક્ષીથી પર હોવા જોઈએ એટલે ગણેશ ભગવાન લંબોદર છે. શ્રીગણેશના એક હાથમાં અંકુશ છે તે દર્શાવે છે કે રાષ્ટ્રપતિનું ગૃહખાતું સમગ્ર રાષ્ટ્રના Law and order ની દેખરેખ રાખે છે. બીજા હાથમાંનો પાશ દર્શાવે છે કે રાષ્ટ્રપતિ સૈન્ય શક્તિ વડે શત્રુઓને વશ રાખી શકે તેવા અને મિત્ર રાષ્ટ્રોને મધુર સ્વભાવથી મૈત્રી પાશ વડે બાંધી રાખે તેવા સક્ષમ છે. શ્રીગણેશ ભગવાનના એક હાથમાં લાડુ છે સામે છલોછલ મોદક ભરેલો થાળ છે. રાષ્ટ્રપતિ રાષ્ટ્રના નાગરિકોને પૂરતું અન્ન અને પૌષ્ટિક આહાર આપી પોતે પણ પૌષ્ટિક ભોજન લે છે. આમ લાડુનો થાળ રાષ્ટ્રની અન્નઅને પુરવઠા નીતિ બતાવે છે. શ્રીગણેશ ભગવાન ઉંદર પર બેસીને સમગ્ર વિશ્વમાં આવ જા કરે છે. રાષ્ટ્રપતિ પોતાના ઉંદર જેવા રાતદિવસ જાગ્રત, ચેતનવંતા ગતિશીલ સેક્રેટેરિયટ વડે આખા રાષ્ટ્રમાં કાર્ય વડે પહોંચી વળે છે. ગણેશ સર્વપ્રથમ પૂજ્ય અને મંગલમય છે–રાષ્ટ્રપતિ પણ પ્રથમ સન્માનના અધિકારી છે અને મંગલમય હોવા જોઈએ.

સાધના માનવને ઈશ્વરાભિમુખ બનાવી વધારે વધારે શાંતીની સંપ્રાપ્તિ કરાવે છે.

*

સૌથી સુંદર સાધન પ્રેમ છે પ્રેમનો પ્રાર્દુભાવ પ્રગટે ત્યારે પરમાત્મા દૂર રહી શકતા નથી.



## — ઓધા રે —

ઓધા,* ઓધા રે ! કાંઈ અજવાળાંના ઓઘ
ઊમટયા ઊગમણે આવાસ,
મારે આંગણિયે સુવાસ !
કાંઈ કાનુડાનો પ્રવાસ :
એની પગલી પડી વ્રજભોમ
ઊમટયા ઊમટયા રે કાંઇ ઓમ્ !
કાંઇ અજવાળાંના ઓઘ.–ઓધા૦

ઓધા, ઓધા રે ! કાંઇ આનંદના જ નિનાદ
ઊમટયા વૃંદાવન મોજાર,
ઓલી કાલિન્દીને પાર :
વેણુ કાનુડો કાંઇ વાય !
એના સૂર બધે રેલાય :
આભે ચાંદલિયો હરખાય !
નાચે દેવ પી બંસરીનાદ ! ઓધા૦

ઓધા, ઓધા રે ! કાંઈ સચ્ચિદાનંદી ઓઘ
સોનલ પારણિયે શું સોહાય ?
સારી વસુંધરા ય મોહાય !
ઊભા અરજૂ કરે સૂરરાય !
વા વીંઝણલો કાંઇ વાય !
ગો ગોપગોપીનાં ઉર છલકાય
કરતાં અમી દર્શન અમોઘ.–ઓધા૦

—ડૉ. અશ્વિન પટેલ.

---

* ઓધાજી=ઉદ્ધવજી

## આપ જે, હે પ્રભો !

ન શક્તિ, બળ, કીર્તિ, વૈભવ વિલાસની વાસના
ઉરે લગીર એવના નહીં, ન યાચના યાચું આઃ
થતાં સકલ કર્મ જાગ્રત સ્થિતિ વિષે તે સમે
અનર્થ અટકાવવા મનની જાગ્રતિ બક્ષજો.

વળી અધિક પાપ થાય મનમૂર્છના પામતાં
નિશા સમય, નીંદમાં, નવ ઉપાય જેનો કશો,
મને મનની જાગ્રતિ સતત દિવસે, રાત્રિએ
પ્રફુલ્લ ફુલ શું શિશુ હૃદય આપજે, હે પ્રભો !

રણજિત પટેલ (અનામી)



## संगीता मे........ । (२) ( ગતાંકથી ચાલુ )

લેખક ડૉ. અશ્વિનભાઈ કું. પટેલ

### —વર્ણ, અક્ષર ને શબ્દ—

વિવિધ માત્રાવાળા ધ્વનિ-રવ-અવાજનાં પ્રતીકો એટલે વર્ણો : દા. ત. क्, च्, द्, त्, प्, य्, श्, ह्, क्ष्, વગેરે. પણ એકલા એ વર્ણોનો-હલન્ત એટલે કે ખોડા વર્ણોનો-ઉચ્ચાર થઈ શકતો નથી, સ્વરનું, ખાસ કરીને अ સ્વરનું કે अ ના વિસ્તૃત રૂપનું એને ‘ વિશેષ અંજન ’ મળે ત્યારે જ એનો ઉચ્ચાર થઇ શકે અને ત્યારે તે ‘ વ્યંજન ’ બને. ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં વિધાન કર્યું છેઃ—

अक्षराणाम्‌ अकारोऽहम्‌ । એટલે મૂળ સ્વર, આદિ સ્વર अ કૃષ્ણરૂપ છે, વિષ્ણુરૂપ છે, ચિન્મય છે; અંતરમાં થતા પ્રકાશને બહાર લાવનાર બ્રહ્મતત્ત્વ છે, નાદબ્રહ્મ છે. આથી अ નો વિસ્તાર એટલે કે બાકીના લગલગ બીજા બધા સ્વરો आ, अि (इ), अी (ई) अु (उ), अू (ऊ), अे (ए), अै, (ऐ) ओ, औ अं ने अः એ બધા પણ વિષ્ણુરૂપ છે, ચિન્મય છે. क् આદિ કોઇપણ હલન્ત (ખોડવાળા) વર્ણને અસલ વિષ્ણુરૂપ ધ્વનિની ઓછામાં ઓછી માત્રા વગર બોલી શકાશે નહિ. એટલે આપણે બોલીશું તેમાં अ સ્વરના અનિવાર્ય સહયોગ હશે જ, એ સિવાય એનો ઉચ્ચાર અશક્ય છે. क् આદિ વર્ણ ઉપર નાદબ્રહ્મસ્વરૂપ अ નું કે अ ના વિસ્તારનું આરોપણ થાય તો અક્ષર બને; અને ઉચ્ચારાયેલ અક્ષર સમષ્ટિમાં ફેલાઈ જઈ રમતો રહે છે. જેને રેડીઓ આદિમાં, ઝીલવાની કરામત કરી, સાંભળી શકાય છે. એનો ક્ષય નથી એ અ-ક્ષર છે. સ્વર અ-ક્ષર છે એના સહયોગથી વ્યંજન પણ અ-ક્ષર

બને છે. શબ્દમાં વિ-નિયુક્ત થતો, વપરાતો સ્વર કે વ્યંજન અક્ષર કહેવાય છે.

અના વિસ્તારસ્વરૂપ બીજા સ્વરોની મદદથી એટલે કે મૂળ-આદિ-સ્વર કે ધ્વનિની વધુ માત્રા સાથે क् આદિ વર્ણોના જે રૂપાન્તરો થયાં તે આપણા કક્કાક્ષરોની બારાખડીઓ થઈ. બારાક્ષરી જેવી કે—

क, का, कि, की, कु, कू, के, कै, को, कौ, कं અને कः આ રીતે સ્વરવર્ણોની મદદથી બીજા વ્યંજનવર્ણોની વણઝાર ઊભી થઈ. એ બારાક્ષરી-બારાખડી-બાળાખડી કહેવાઈ. વસ્તુતઃ अ અને अ સ્વરના વિસ્તારોની મદદથી જે અક્ષરો થયા તે બધા જ अक्षराणाम् अकारोऽहम् સૂત્રનો વ્યાપક અર્થ લેતા વિષ્ણુરૂપ, ચિન્મયરૂપ જ ગણાય. અને એથી સ્વર વ્યંજનનું સંમિશ્રણ એ એક ચેતનાવ્યાપાર બની રહે છે. એ સંમિશ્રણમાંથી શબ્દ બને છે. એક કે વધારે વર્ણ, જેમાંથી કંઇક અર્થ નીકળે તેને શબ્દ કહે છે. પદાર્થ, વસ્તુ, વૃત્તિ, ઊર્મિ, તરંગ લાગણી, ભાવ, સંસ્કાર, ક્રિયા, પ્રતિક્રિયા, વિચાર વગેરેના દ્યોતક શબ્દ પૂર્ણ પ્રતીકો હોઈ શબ્દોને પૂરો અર્થ મળી રહે છે. જીવંત મનુષ્યને કંઇક કહેવાની વૃત્તિ થાય અને તેનો અર્થ સમજાય તેવા શબ્દોનું નિર્માણ થાય તેવી પ્રેરણા અન્તઃકરણને થાય છે. આથી મૂલાધાર સ્થાનમાં રહેલો અગ્નિ ( ચેતના ) પ્રેરાય છે અગ્નિ સક્રિય બનતાં તે સ્થાને રહેલ વાયુને ચાલના ( ગતિ ) મળે છે. આ વાયુએ તે જ સ્થાનમાં સૂક્ષ્મતમ સ્વરૂપમાં ઉત્પન્ન કરેલ વાક્ તે परा વાણી. પછી વાયુ નાભિપ્રદેશ પર્યન્ત ગતિ કરે છે. એ પ્રદેશના સંયોગથી ઊપજેલ શબ્દને पश्यन्ती વાણી કહે છે. આ સૂક્ષ્મતર વાણી છે. હવે વાયુ હૃદયપ્રદેશ તરફ ગતિ કરે છે. હૃદયના સંયોગથી ઉત્પન્ન થયેલ શબ્દ मध्यमा



નામની સૂક્ષ્મવાણી કહેવાય છે. આ ત્રણે પ્રકારની વાણીને પ્રાકૃત માણસ સમજી શકતો નથી. એને સમજાય એવી અને એમાંથી બોલી શકાય એવી તથા બીજાથી સાંભળી શકાય એવી પ્રાકૃત કે સ્થૂળવાણી જે બહિર્મુખ બની નિખરે છે તે વૈખરી. પેલો વાયુ સ્વરપેટીમાં થઈ આગળ મુખપ્રદેશ તરફ ગતિ કરે છે, અને ત્યાંથી કંઠ્યાદિ આઠ સ્થાનોમાં એને અનુરૂપ ઘાતઅભિઘાત ઉત્પન્ન કરે છે. આ રીતના વિનિયોગદ્વારા બહાર નીકળેલી કે ઉચ્ચારાયેલી વાણી તે વૈખરી વાણી. શાસ્ત્રકારોએ અને પાણિની જેવા વૈયાકરણીઓએ એ પ્રમાણે શબ્દની વાણી તરફની પ્રગતિને વર્ણવી છે. વાણીનો આ આખો યે વ્યાપાર ચેતનાવ્યાપાર છે. જેવી જેની સાધના તેવી તેની વાણી, ને તેવી તેની સમજ. ( ક્રમશઃ )

—....—

સંકલ્પ વિકલ્પમાંથી મુક્ત થતાં મન શાંતિની સંપ્રાપ્તિ કરી શકે છે.

શ્રી યોગેશ્વર

## કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઇ કનેરીયા

**ઓઇલ એન્જીનના ઉત્પાકો**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૭૧

# શરીર વિજ્ઞાનની ઉપયોગિતા

—શ્રી મંગલદાસ પંચાલ

આપણું શરીર અને તેનું પ્રત્યેક અંગે અનેકાનેક વિશિષ્ટતાઓ અને અત્યંત અજાયબી પમાડે તેવી અનેકાનેક ક્રિયાત્મક શક્તિઓથી ભરપુર છે. શરીરવિજ્ઞાન એક અત્યંત વિશાળ વિજ્ઞાન છે. વૈદ્યો અથવા ડોકટરોને તેમાં ચોક્કસ પ્રકારની નિપુણતા મેળવવા માટે ઘણાં ઘણાં વર્ષોની તપશ્ચર્યા કરવી પડે છે. થોડાક સમય પહેલાં એક અમેરિકન લબ્ધપ્રતિષ્ઠત ડોકટરે શરીરમાં રહેલાં જ્ઞાનતંતુઓ તેમજ મગજ વિષે પુષ્કળ સંશોધન કરીને લખેલું એક અનુભવપૂર્ણ પુસ્તક મારા વાંચવામાં આવ્યું હતું. તેમાં ઘણી ઘણી ચોકસાઈપૂર્ણ વિગતો આપેલી હતી, કંઇ કેટલીયે પ્રકારના ચાર્ટ વગેરે આપ્યા હતા, છતાં ઠેકઠેકાણે તેણે જણાવ્યું હતું કે “ આ વિષયમાં આટલા વર્ષોના શોધનને અંતે હું બહુ ઓછું જાણી શકયો છું અને જે પણ જાણીને આમાં લખ્યું છે તેમાં પણ પુષ્કળ સુધારાને અવકાશ રહેલો છે. ” આ ઉપરથી આપણને ખ્યાલ આવશે કે આ વિજ્ઞાન કેટલું વિશાળ છે. જગતમાં રહેલી કેટલીક અજાયબીઓનું રહસ્ય કદાચ આપણે પ્રાપ્ત કરી શકીએ, પરંતુ શરીરરચનાની અજાયબીઓનો આજસુધી કોઈ પાર પામી શકયું નથી. આપણી તમામે તમામ ક્રિયા પ્રક્રિયાઓ અથવા સાધના મુખ્યત્વે શરીરથી જ થતી હોવાને કારણે આપણે તેનું આવશ્યક જ્ઞાન પ્રાપ્ત કરવું જરૂરી અને અગત્યનું બની રહે છે.

આપણા શરીરમાં ચાલતી રૂધિરાભિસરણની ક્રિયા તેમ જ જ્ઞાનતંતુઓની ક્રિયાઓનું સામાન્ય જ્ઞાન મેળવવું જરૂરી



બને છે. કસરત કરનાર વ્યક્તિઓને જોતાં તરત જ જણાઇ આવશે કે તેઓનાં શરીર હ્રુષ્ટપુષ્ટ હોય છે. અને તેઓના શરીરમાં રૂધિરાભિસરણની ક્રિયા અત્યંત વ્યવસ્થિત રીતે ચાલતી હોવાથી તેઓ સારું આરોગ્ય ભોગવે છે. સ્વચ્છ લોહી વડે તેઓના શરીરના જ્ઞાનતંતુઓ પોષાતાં હોવાથી તેઓ ચપળ, ઉત્સાહી અને આનંદી હોય છે.

શરીરના કોઈપણ ભાગનો વિકાસ કરવા માટે બે બાબતો જરૂરી છે. એક તો અધિક પ્રમાણમાં પોષણ અને બીજું ઉત્પાદક બળ. શરીરમાં લોહીનાં ફરવાથી તેના પ્રત્યેક ભાગને પોષણ મળે છે. આખા શરીરમાં ફરીને દૂષિત થઇને આવેલું લોહી હૃદય વડે ફેફસામાં જાય છે અને ત્યાં પ્રાણવાયુ વડે શુદ્ધ થઇને પાછું હૃદયમાં આવી ફરીથી પાછું આખા શરીરમાં પ્રત્યેક અવયવોને પોષણ આપવા માટે નીકળે છે. શુદ્ધ લોહીથી પોષણ મેળવીને જ્ઞાનતંતુઓ પણ અત્યંત તેજસ્વી અને ચપળ બને છે. આથી શરીરના જે જે ભાગમાં લોહીની ગતિ વધારવામાં આવે ત્યાં ત્યાં તે તે ભાગને અધિક પોષણ મળવાનું, અને તે તે ભાગના જ્ઞાનતંતુઓ પણ ઉત્તમ પોષણ પામીને તેજસ્વી બને છે. વળી જે જે ભાગમાં જ્ઞાનતંતુઓનો પ્રવાહ વહેવડાવવામાં આવે તે તે ભાગોમાં ઉત્પાદક બળ વધુ પ્રમાણમાં ભેગું થવાનું અને શરીરના ભાગો પુષ્ટ અને નિરોગી થવાના.

હવે આપણી સામે પ્રશ્ન એ છે કે શરીરના કોઈપણ ભાગમાં આપણે લોહીની ગતિ શી રીતે વહેવડાવી શકીએ અને આપણી ઇચ્છામુજબ જ્ઞાનતંતુઓનો પ્રવાહ કેવી રીતે વહેવડાવી શકીએ ? યોગશાસ્ત્રમાં દર્શાવેલાં વિવિધ પ્રકારનાં આસનો કરવાથી આપણે લોહીનો પ્રવાહ તે તે સ્થળોમાં વહેવડાવી શકીશું. વળી સૂર્યનમસ્કાર તો રામબાણ ગણાવી

શકાય. આસન અને પ્રાણાયામનો તે એક સુભગ સમન્વય છે. જોકે સૂર્યનમસ્કાર શરીરના સુંદર આરોગ્ય માટે ઉત્તમ હોવા છતાં પ્રાણાયામની તોલે તો ન જ આવી શકે. પ્રાણાયામનો વિષય અત્યંત ગહન અને અટપટો હોવાથી અહિં ચર્ચા કરી નથી. વળી સિદ્ધ ગુરુ વિના પ્રાણાયામ કરવાનો નિષેધ છે, છતાં જેઓ પ્રાણાયામ વિશે જાણવાની અત્યંત ઉત્કટ ઇચ્છા ધરાવતા હશે તેઓને તેવા ગુરુ અવશ્ય મળશે જ તેમાં શંકા રાખવી નહિ. આંતરમનમાં ઊતરીને દૃઢ ઇચ્છા કરો અને તમને જોઇતું મળી જશે.

આપણાં સતશાસ્ત્રો અને વિજ્ઞાન પણ જણાવે છે કે આપણા શરીરમાં બે પ્રકારના પ્રવાહો વહે છેઃ એક રચનાત્મક અને બીજો વિધ્વંશાત્મક. નેગેટીવ અને પોઝીટીવ. વિજળીના સૂક્ષ્મ સામર્થ્યમાં પણ આ બે પ્રવાહો રહેલા છે તે આપણે સૌ જાણીએ છીએ. સમુદ્રોમાં પણ આવા બે પ્રવાહો વહે છે. એક ઠંડો અને એક ગરમ. વિષુવવૃત્તના પ્રદેશોમાં સૂર્યની ગરમીથી સમુદ્રનાં પાણી ગરમ થઇ નીચે વહેવા લાગે છે તે જ રીતે દક્ષિણ ધ્રુવના પ્રદેશોમાં પડતી અત્યંત ઠંડીને કારણે ત્યાંના સમુદ્રોનાં પાણી અત્યંત ઠંડા થઈને તે પણ પ્રવાહરૂપે વહે છે. આ પ્રવાહો જ્યાં જ્યાં ભેગા થાય છે ત્યાં ચમત્કાર સર્જે છે "રોરીંગ ફોર્ટી અથવા ગર્જના–ચાલીસા" વિષે, હાઇસ્કૂલમાં ભણતા કોઇ વિદ્યાર્થીનું ભૂગોળનું પુસ્તક મેળવી વાંચી જજો. ખૂબ આનંદ આવશે. આ પ્રવાહોને ભેગા કરતાં તેઓ ચમત્કારિક પરિણામો ઉપજાવે છે. વીજળીનાં આ બે પ્રવાહોને ભેગા કરતાં તે આપણને બળ અને પ્રકાશ આપે છે. તે જ રીતે શરીરમાં વહેતા આપણા આ પ્રવાહોને જો આપણે ભેગા કરી શકીએ તો ત્યાં પણ ચમત્કાર જ સર્જાશે.



આપણા શરીરમાં જ્ઞાનતંતુઓના ગુચ્છ જે જે જગ્યાએ ભેગાં થાય છે તેને યોગશાસ્ત્રો તેમની અલંકારિક ભાષામાં ચક્રો કહે છે. પ્રાણાયામની ક્રિયાઓ વડે આ બન્ને પ્રવાહો સબળ બને છે. અને તેઓનું વહેવાનું મુખ્ય સ્થાન સૂર્યનાડી અને ચંદ્રનાડી છે. સૂર્યનાડીમાં પ્રાણનો પ્રવાહ ઉષ્ણ બને છે અને ચંદ્રનાડીથી શીત બને છે. આ બન્ને પ્રવાહોને શરીરમાં રહેલા ચક્રોમાં વહેવડાવવામાં આવે અને ધારણાની મદદથી ત્યાં ભેગા કરવામાં આવે તો ત્યાં તે સ્થાનમાં બળ અને પ્રકાશ ઉત્પન્ન કરે છે. યોગી અથવા મહાત્મા પુરુષો આ પ્રક્રિયાથી બળ મેળવે છે અને તેઓ જ્ઞાનપ્રદિપ્ત થતા હોય છે.

વ્યાવહારિક બાબતોમાં પણ આપણે જોઈશું તો આપણા આ પ્રવાહો વિષે અછડતો ખ્યાલ આવશે. ધારો કે આપણે કોઇ રસ્તે ચાલી રહ્યા છે અને કોઈ કારણસર ઉતાવળે દોડીને કોઈક ઠેકાણે પહોંચ્યા ત્યારે આપણું લોહી પુષ્કળ વેગથી ફરી રહ્યું હોય છે આપણો શ્વાસ ધમણની જેમ ચાલતો હોય છે. આપણે હાંફી ગયા હોઇએ છીએ. ત્યારે આપણા આ ચમત્કારિક પ્રવાહો આપણા લોહીની ગતિને ધીમી પાડે છે. અને શ્વાસને સરખો કરે છે. અત્યંત ગરમીમાંથી જો આવ્યા હોઇશું તો આપણા શરીરને ઠંડું કરે છે અને ઠંડીને વખતે આપણામાં ધ્રૂજારી ઉપજાવી ઉષ્ણતામાન વધારવાને પ્રયત્ન કરે છે. ભયના પ્રસંગોએ અથવા આપત્તિના પ્રસંગો વેળાએ તે આપણામાં વિલક્ષણ બળ ઉત્પન્ન કરે છે. ટુંકમાં આપણા શરીરની તમામે તમામ પ્રક્રિયાઓને સમતોલ બનાવવામાં આ બન્ને પ્રવાહો બહુ અગત્યનો ભાગ ભજવે છે.

આપણે આગળ જોઇ ગયા તેમ શરીરના જે ભાગમાં લોહીની ગતિ વધારીએ તે ભાગ પુષ્ટ બને છે. શરીરના કોઇપણ ભાગમાં એકાગ્રતા કરવાથી ત્યાં સ્વભાવથી જ લોહીનું

વહેવું થાય છે અને તે ભાગ પુષ્ટ બને છે. તેથી જ આપણા ઋષિમુનિઓએ શરીરમાં આવેલાં ચક્રો ઉપર ધ્યાન--ધારણા કરવાનો વિધિ બતાવ્યો છે તેથી તે તે શરીરના ભાગમાં એકાગ્રતા કરવાથી ત્યાં લોહીનું ભ્રમણ વેગથી થાય, જ્ઞાનતંતુઓનો પ્રવાહ પણ ત્યાં વહેવા લાગે અને પરિણામે શરીરના તે તે ભાગ પુષ્ટ બની અત્યંત તેજસ્વી બને અને આમ સુંદર આરોગ્ય અને લાંબે ગાળે આપણે બુદ્ધિના વિશેષ પ્રકાશથી જ્ઞાની પણ થઈ શકીએ.

સાધના એ જીવનનું ઉર્ધ્વીકરણ છે. તે દ્વારા જીવન વધારેમાં વધારે નિર્મળ અને સદ્દગુણથી સંપન્ન બને છે.

શ્રીયોગેશ્વર

PHONES : 292826. 295639 RESI: '441332
GRAM : 'NITSARAD' TELEX NO. 011. 6188. NITI

**S. V. Enterprise**

**J. V. SHAH**

**Worldwide Exporters**

203, Shara Chambers, 15, New Marine Lines,
Post Bag No. 11490, Bombay 400020.



# મૂર્તિનું અવલંબન છેવટે સ્વાવલંબી બનવા માટે છે.

વિમલાતાઈ ઠકાર

(શ્રી. વિમલાતાઈ ઠકારે પોતે જ એક વિશિષ્ટ આધ્યાત્મિક વ્યક્તિ છે. એમના પોતાના પણ ધ્યાન શિબિર થાય છે. આ વિષયમાં એમનાં પોતાનાં પુસ્તકો પણ છે. આધુનિક મનોવિજ્ઞાનમાં જે પ્રગતિ થઈ છે તેની અનેક અનેક શાખાઓ સાથે એમને પરિચય છે. યુરોપ, અમેરિકા વગેરે દેશોમાં દર વર્ષે પ્રવાસ કરીને એમણે મનોવિશ્લેષણશાસ્ત્રના પ્રકાશમાં ભારતીય તત્ત્વજ્ઞાનની ઊંડી સમજ આપતાં પ્રવચનો પણ કર્યાં છે. તા. ૧–૨–૮૧ થી તા. ૫–૨–૮૧ દરમ્યાન નર્મદા કાંઠે શ્રી રંગ અવધૂતજીના સ્થાન નારેશ્વર મુકામે મુમુક્ષુ સાધકો સમક્ષ વિમલાતાઈએ આપેલાં પ્રવચનોમાંથી થોડો ભાગ અહીં રજૂ કર્યો છે. જે અધ્યાત્મના સર્વ સાધારણ સાધક ભાઈ બહેનોને ઉપયોગી થશે. એવી આશા છે.–તંત્રી )

પરમાત્મા છે એવી શ્રદ્ધા હૃદયમાં જાગૃત થઈ ગઈ તો પછી એ પરમાત્માને પોતાપોતાના સંસ્કારોને તથા પ્રકૃતિને અનુરૂપ કોઈપણ રૂપે અપનાવો. જો પરમાત્માને વ્યક્તિરૂપે અપનાવવો હોય તો એને શિવ, કે પાર્વતી, રાધા કે માધવ અથવા રામના રૂપે સ્વીકારો. દત્ત, આદિનાથ, ઋષભદેવ, ભગવાન મહાવીર, શ્રીમદ્ રાજચંદ્ર, રામકૃષ્ણ, રમણ, કૃષ્ણમૂર્તિ–ખબર નહીં કેટલાં નામ લઉં ! પણ 'જે રૂપે પ્રભુને ગ્રહણ કરવો હોય તે રૂપે ગ્રહણ કરો ''....આ પણ સાધના-

ની એક યુક્તિ છે, અહંકાર મુક્ત થવાની યુક્તિ માત્ર, બીજું કશું નહીં. સાધનામાં કશું નવું મેળવવાનું નથી. જે તમારી ભીતર સહેજે હાજરાહજૂર છે, સહજ સિદ્ધ છે, અનાદિરૂપે જે સ્વયંભૂ સ્વરૂપ છે, તેને જાણવાનું છે. જાણીને પછી તેમાં જીવવાનું છે. પરંતુ એ રીતે પછી જીવાતું નથી. જીવાય છે દેહમાં. આત્મામાં જીવાતું નથી. એટલે દેહભાવથી, અહંભાવ-થી મુક્ત થવા માટેની આ સાધના છે. કશી પ્રાપ્તિ માટેની આ સાધના નથી.........

આત્મ સ્વરૂપમાં જીવવું એ સાધના અહંમુક્તિની યુક્તિ છે, પ્રાપ્તિની યુક્તિ નથી, પ્રભુ પ્રાપ્તિ, આત્મપ્રાપ્તિ એ તો બધી કાવ્યમય ભાષા છે; રૂપાત્મક ભાષા છે. જે તમે સ્વયં છો તેને પ્રાપ્ત કરવાનું નથી. તેને જાણવાનું છે. જે કાંઇ છે તેને જાણવું, ઓળખવું, ઓળખ્યા પછી તેની સાથે સંબંધ બાંધવો, તેમાં જીવવું તદ્રૂપ થઇને જીવવું-આ બધી ક્રીડા છે. કેવળ મનુષ્યદેહમાં જ ભકિતની, આત્મરતિની આ ક્રીડા, તપની લીલા થઇ શકે છે. એટલા માટે તો કહેવાયું છે કે "શુભ દેહ માનવનો મળ્યો." આ દેહ શુભ છે. પોતાની ઇચ્છામુજબ, પોતાના સંકલ્પો પ્રમાણે, પેલી જે પરમાત્મ-સ્વરૂપ સત્તા છે તેની સાથે રમી શકો છો, તેની સાથે ક્રીડા કરી શકો છો, એને વ્યક્તિરૂપે ગ્રહણ કરીને ભકિત કરવી હોય, પ્રેમનો રસ્તો અપનાવી ભાવનાઓ લુંટાવવી હોય તો કહ્યા મુજબ છબી રાખો, મૃતિ રાખો, તીર્થસ્થાનોમાં જાઓ. દેશમાં તો તીર્થધામોની કેટલી સગવડ છે. શિવજીનાં તીર્થધામ અલગ, કૃષ્ણનાં અલગ, રામનાં અલગ, દેવીનાં અલગ, જેવી રીતે રસોઈમાં ભાતભાતની વાનગી બનાવીને જમીએ છીએ, તેમ આ દેશમાં રસિક પૂર્વજોએ જાતજાતનાં તીર્થધામો ઊભાં કર્યાં



છે. દરેક જણ પોતાના પ્રિય સ્થાન પર જઇ શકે. મનુષ્ય અવતારના મહાન પુરુષોનાં પ્રિય સ્થાન પર જવું હોય તો શ્રી રામકૃષ્ણ રહેતા ત્યાં કામારપુકૂર કે દક્ષિણેશ્વર જઈ શકાય, શ્રી રમણ મહર્ષિના તિરૂવણ્ણામલ્લૈ કે અરૂણાચલમ્ જઈ શકાય. યાત્રા દરમ્યાન સહયાત્રી સાથે સત્સંગ થઈ શકે. તો ભકિતના અનેક પ્રકાર છે, જે અપનાવવો હોય તે અપનાવી શકાય. આમાં કર્મ પ્રધાન છે. જપ કરશો તો તે કર્મ છે. ચિત્તશુદ્ધિ માટેનાં આ બધાં કર્મો છે. પ્રભુની બનાવેલી આ બધી દુનિયા છે. એમ સમજીને સૌની સેવામાં લાગી જશો, તો તે ચિત્તશુદ્ધિ છે. ક્યું ચિત્તશુદ્ધ છે? જેમાં વૃત્તિ ના ઊઠે, જે નિસ્પંદ જલાશય જેવું છે, નિરભ્ર આકાશ સમું છે, તે ચિત્ત શુદ્ધ છે. ચિત્તને આવું બનાવવા માટે પ્રેમ ભકિત અને ભાવનાનો સહારો લઇ કોઈ મૂર્તિ-વ્યકિતમાં આરોપણ કરી શકાય. પરમાત્માનું આરોપણ કરો તો તે સ્વીકારે છે. જે કોઇનો અધ્યાસ કરો, પ્રભુ તે સ્વીકારી લે છે, નિરાકાર કહો તો નિરાકાર, સાકાર કહો તો સાકાર, સગુણ-નિર્ગુણ, જે તમને જોઇએ તે. તમે જે કાંઈ કહો તે હું છું. પેલું પણ હું છું અને આ પણ હું છું. આવો છે ભગવાન! છેવટે આ આધાર છે. આધાર પંગુ બનવા માટે લેવાનો નથી હોતો. બાળક ચાલવા માંડે છે, પછી ચાલણગાડી છોડી દે છે.

નિરહંકાર થવા માટે, સર્વવ્યાપી સત્તા જે સર્વત્ર છે, સર્વદા છે, તેને આપણી ઇંદ્રિયોમાં સ્થિર કરવા માટે જે આધાર જરૂરી લાગ્યો તેને શ્રદ્ધાપૂર્વક, પ્રેમપૂર્વક સ્વીકાર્યો. તેનો ઉપયોગ પણ કર્યો. પછી આધારની જરૂર ના રહી તો આધાર એની મેળે આપોઆપ છૂટી જાય છે. એને છોડવો પડતો નથી. છૂટી ગયો તે છૂટી ગયો. એની ચિન્તા કરવાની

નથી હોતી, આધાર લેવો પડ્યો એની શરમ રાખવાની જરૂર નથી. આમ, મુક્તતાપૂર્વક જીવવાનું છે, નહીંતર અધ્યાત્મ સાધના પણ એક બોજો બની જશે. જે વાત આપણા વશની વાત નથી, તેને પકડવી નહીં. આકાશનો ચંદ્ર હાથમાં લેવો હોય તો હાથમાં, દર્પણ પકડીને તેમાં ચંદ્રને જોવો પડે છે. પરંતુ તેથી હાથમાં પ્રતિબિંબ આવે છે, બિંબ નથી આવતું. બુદ્ધિમાં, વિચારોમાં, શબ્દોમાં આપણે આત્માને જોવા પ્રયત્ન કરીએ છીએ, ત્યારે હાથમાં પ્રતિબિંબ આવે છે, બિંબ (આત્મા) નહિ, બિંબ તો તમારી ઇંદ્રિયોથી પર છે, એ તમારી ભાષાથી પર છે, વિચારોથી પર છે. એ આત્મા આ બધાની પકડમાં ના આવી શકે. તમારી પકડમાં જે (isnees) જે સત્તા આવી તે તો પડછાયો છે, પ્રતિબિંબ છે. પરંતુ "મારા માટે આ પ્રતિબિંબ પણ ઉપયોગી છે" એમ કહેવામાં શરમાવું ના જોઈએ. જરૂરી છે તો લઈ લો. પરંતુ છેવટે તે આધાર છે- શું આધારને જિંદગી આખી પકડી રાખશો? એનો અર્થ એ કે આરોહણ કરવા નથી માગતા. નબળાઈ છે, પગ લથડે છે, તો હાથમાં લાકડી લેશો. પરંતુ ટેકો લેવાનો છે તે પંગુ બનવા માટે નહિ, અપંગતા છોડવા માટે. આટલી વાત સમજી આધાર લેવાનો છે.

આ વાત થઈ ભક્તિમય માર્ગની. હવે તપોમય માર્ગ, જે શુદ્ધિકરણ પ્રક્રિયાનો કર્મપ્રધાન માર્ગ છે. એવું ના કહેશો કે શું ભક્તિ કરીશું તો શુદ્ધિ નહિ થાય? શુદ્ધિ જરૂર થશે. પરંતુ ત્યાં પ્રેમ, સેવા, ભજન-કીર્તન, પૂજન-અર્ચન દ્વારા શુદ્ધિ થશે. જ્યારે અહીં શુદ્ધિકરણમાંથી ભક્તિ, જ્ઞાન, અવધાન થશે. સાધનાના પ્રારંભ જ જુદા જુદા હોય છે, છેવકે તો સૌ એક છે. કારણકે સત્ય એક જ છે. કોઈપણ



વાટે ચાલો, તો છેવટે પહોંચશો એક જ મુકામે. કારણ સત્ય બે નથી, પરમાત્મા બે નથી. પછી રામ કહો, રહીમ કહો, કે અલ્લાહ કહો કે પછી કૃષ્ણ કહો, જ્યાં ઊભા છો તે સ્થાન જુદાં જુદાં છે જે દેહમાં આજે તમે છો, તેના સંસ્કાર સૌના જુદા જુદા છે એટલે સાધનાના પંથ જુદા પડી જાય છે. સાધ્ય જુદું પડતું નથી. એક જ રહે છે.

( અવધૂત પ્રસાદીમાંથી )

ધ્યાન યોગમાં પ્રેમ પોતાનું પ્રબળ કાર્ય કરે છે. ધ્યાન યોગની સાધનામાં પણ પ્રેમ જોઈએ.

ભક્તિ માર્ગની સાધના પ્રાર્થનાથી આરંભ કરવામાં આવે છે પછી ધીમે ધીમે જાપનું આલંબન લેતા પ્રેમનો પ્રાદુર્ભાવ થાય છે.

# પૂ. શ્રીનાં સાંન્નિધ્યમાં

લેખિકા:—આશા ભક્ત, સાનફ્રાન્સિસ્કો અમેરિકા.

[ આ લેખનાં યુવાન લેખિકા શ્રી આશાબેન ભકત કપુરાનાં છે, અને પરમ પૂ. સર્વેશ્વરી માના જ ગામનાં હોઈ, તેમની સાથે અંગત આત્મીય સંબંધ ધરાવે છે. પૂ. મા પ્રત્યે તેમને પહેલેથી પૂજ્ય બુદ્ધિ ને ભાવ રહેલાં છે. એટલે પૂ શ્રી સર્વેશ્વરી મા જ્યારથી મહાત્મા શ્રી યોગેશ્વરજીના પરિચયમાં આવ્યાં અને એમને પોતાના ગુરુ જ નહિ પણ ઈષ્ટ માનતાં થયાં, ત્યારથી આશાબેન પણ પૂ. શ્રી પ્રત્યે એવો જ ભાવ ધરાવે છે. છેલ્લાં પાંચ છ વર્ષોમાં તેઓનો આ પૂજ્યભાવને ભકિત ખૂબ ગાઢ બન્યાં છે. તેમનું આખું કુટુમ્બ પણ પૂ. શ્રી પ્રત્યે ખૂબ ભકિતભાવ ધરાવે છે.

શ્રી આશાબેને એમ. એ સુધીનું શિક્ષણ લીધું છે અને હાલ તેઓ અમેરિકાના સાન્ફ્રાન્સિસ્કોમાં છે. પૂ. શ્રી ને પૂ. મા ત્યાં જ તેમનાં મહેમાન બનેલાં. તેઓ સ્વભાવે ખૂબ માયાળુ, નિખાલસ, સરળ અને ભાવક છે. એમના એ ગુણોનું દર્શન એમના આ લેખમાં વાંચકોને થશે. તંત્રી ]

" સબસે ઊંચી પ્રેમસગાઈ " ભજન બાળપણથી ગાયું હતું.. મનમાં હંમેશા આશ્ચર્ય રહ્યું હતું કે પ્રભુ સાચે જ દુર્યોધનનાં મેવા ત્યાગીને વિદુરને ત્યાં ગયા હશે ? આખી દુનિયાના માલિકે ખરેખર અર્જુનનાં સારથી બની રથ હાંકયો હશે ? અને એ જ પ્રભુ એકનાથની ભકિત જોઈ સાચે જ શ્રીખંડયો બન્યા હશે ખરા ? અને બધા જ ભકતો–સંતો " પ્રભુ પ્રેમનાં તાંતણે બંધાય જાય છે" એ શબ્દો વાપરે છે, તો એ શું સાચા હશે ? આ બધા વિચારો માત્ર હતા મારે



મન...કલ્પના જેવું હતું.... આ બધી જ વાતો સાચી હોવાનો અનુભવ ૧૬ નવેમ્બર થી ૨૩ નવેમ્બર ૮૧ સુધીમાં મને થયો.

પૂ. શ્રી યોગેશ્વરજી અને પૂ. મા સર્વેશ્વરી મારે મન મારા આરાધ્યદેવ, મારા ઈષ્ટદેવ છે. પૂ. શ્રી. પૂ. મા સાતમી નવેમ્બર અમેરીકાનાં લોસ એન્જલસ નામના શહેરમાં પધારે છે. ફોન ઉપર સૌ પ્રથમવાર પૂ. મા, પ્રભુ સાથે વાતો થાય છે. ફોન ઉપર હું પૂ. મા, પ્રભુને સાનફ્રન્સિસ્કો આવો ત્યારે અમારે ત્યાં જ ઊતરવા માટે વિનતી કરુ છું. મારી સાથે જ મારા ઘરમાં દરેક સભ્યની અંતરના ઉંડાણથી પ્રાર્થના હતી કે પૂ. મા, પ્રભુ અમારા આ નાનકડા ઘરમાં પધારી કૃપા કરે. પૂ. પ્રભુએ ફોન ઉપર સંમતિ આપી. સૌના ચહેરા આનંદથી ઝગમગી ઊઠ્યા...તૈયારી કરવા માંડ્યા... અમે વળી શી તૈયારી કરી પ્રભુ માટે....કશુ જ નહીં. એ તો પૂ. મા, પ્રભુની જ મહાનતા ગણો કે કૃપા–હા પાડી. અમારા નાનકડા ઘરમાં રહેવાની. છતાં સતત અમને સૌને આનંદની સાથે ડર રહ્યો કે પ્રભુને ગમશે ? એક દિવસ રહીને ચાલ્યા તો નહિ જાય ને ?

અને ૧૬ નવેમ્બર સોમવારનો દિવસ આવી પહોંચ્યો... સવારથી પ્રભુનાં આગમનની રાહ જોવાતી હતી. પ્રભુ ૪-૪ાનાં ગાળામાં આવી પહોંચે છે. બેલ વાગતાની સાથે જ સડસડાટ દાદર ઊતરી બારણું ખોલ્યું...આંખો ધન્ય બની ગઈ...જીવન સાર્થક લાગ્યું...મારા ઈષ્ટદેવ પૂ. મા, પ્રભુ સાથે ઊભાં હતાં...જ્યારથી સમજણ આવી પૂ. યોગેશ્વરજી પૂ. મા સર્વેશ્વરી જ મારા રામ, કૃષ્ણ જે ગણો તે મારા જીવનસહારા. અને જ્યારે એઓ કૃપા કરી ઘરે પધારતા હોય ત્યારે જે આનંદ થાય એને વળી કયા શબ્દો વર્ણવી શકે ? મને એ કહેતા આનંદ થાય કે પૂ. મા, પ્રભુ ફક્ત મારા નહીં મારા

આખા કુટુંબના પરમ આધાર આરાધ્યદેવ પણ છે. સૌનાં આનંદનો પાર નથી જે પોતે જ આનંદ સ્વરૂપ છે. શાંત સ્વરૂપ છે તે જ્યાં પધારે ત્યાં આનંદ ન છવાઈ તો શું થાય?

૫ વાગ્યે પૂ. પ્રભુ મા ખંડમાં આરામ માટે પધારે છે. ૭ાા વાગ્યાથી પ્રવચન શરૂ થવાનું છે. ૯ાા સુધી ભારતીય હોલમાં કાર્યક્રમ થશે. આ પ્રમાણેનો કાર્યક્રમ ૧૯ થી ૨૨ સુધી રહેવાનો છે.

ક્યારેય સ્વપ્નમાં પણ કલ્પ્યું ન હતું કે પૂ. મા. પ્રભુ અમારા ઉપર આવી કૃપા કરશે. અમારે ત્યાં રહેશે? અને પામર એવા અમે, પ્રભુની થોડીક પણ સેવા કરી શકીશું. પૂ. મા. પ્રભુના પગલે ઘરમાં પવિત્રતા, સ્નેહનું શીતળ મોજું ફેલાઈ ગયું છે.

પૂ. મા. પ્રભુ સવારે ૬–૬ાા સુધીમાં સ્નાન કરી લેતાં. ૯ વાગ્યે મારે દૂધ લઈને જવાનું બનતું, પ્રભુ તો રૂમનું દ્વાર બંધ કરી લેખનકાર્ય કરતા હોય. પૂ. મા પણ ડાયરી લખતા હોય અથવા કોઈકના પત્રનો જવાબ લખતાં હોય. કંઈક ભજન ગણગણતા હોય જ્યારે મા પ્રભુનું કંઈક નાનું સરખું કામ પણ કરું ત્યારે મનમાં ખૂબ ગર્વ અનુભવું કે હું કેટલી નસીબવાળી છું કે પ્રભુ માટે પાણી ભરું છું, પ્રભુનાં વાસણો સાફ કરવાનું ભાગ્ય મને મળી રહ્યું છે. સૌથી વધુ મને પ્રભુનાં કપડાં ધોવાનું કામ ગમતું. જે આપણને સૌથી પ્રિય હોય તેનું કામ કરવામાં કેવો અને કેટલો આનંદ સમાયેલો છે, તે તો સૌ કોઈ જાણે જ છે ને?

૧૧ાા વાગ્યે મુલાકાતનો સમય. ૧૧ વાગ્યે પૂ. મા પોતાના કાર્યમાંથી પરવારી રસોડામાં આવતાં. પૂ. મા જમવાનું હાથે જ બનાવતાં. જમવાનું સાદું જ રહેતું મોટે ભાગે મગ–ભાત અને સાંજે વઘારેલા મમરા. હા તો ૧૧ાા વાગ્યે પ્રભુ મુલાકાતીઓ માટે સમય ફાળવતા. આગળ-



ના રૂમમાં પ્રભુ પધારતા. બેઠક લેતાં પહેલાં રસોડામાં આવી જતાં આ અગાઉ પ્રભુને ક્યારેય આટલા નજીકથી જોયા ન હતા. પ્રભુને લેખનકાર્ય કરતા જોવા, જમતા જોવા, એ એક લહાવો છે. રાત્રે મોડું સૂવાનું બનતું છતાં સવારે પાંચ સાડા પાંચે જાગી જવાતુ અને થાકનું ચિહ્ન પણ જણાતું ન હતું. ખરેખર! અહેતુક કૃપાસિંધુ મા, પ્રભુનાં ચરણોમાં સુખ, શાંતિ, આનંદનું જે સ્વર્ગ છે તેનો અનુભવ અમે સૌ કરી રહ્યાં હતા.

એક પછી એક દિવસ જતા હતા...પૂ. મા, પ્રભુનાં સાંનિધ્યમાં દિવસ ક્યારે ઊગ્યો, ક્યારે રાત પડી, એ ભૂલી જવાયું... અને એકાએક મા પ્રભુની વિદાયનો દિવસ પણ આવી પહોંચ્યો. કેમેય મન માનતું ન હતું કે મા, પ્રભુ શું ખરેખર જવાના છે? પૂ. મા, પ્રભુનો આવો પ્રેમ માણીને છૂટા પડવું એ ખૂબ પીડાદાયક હતું. હવે ફરી ક્યારે દર્શન થાય એ નિશ્ચિત જ નથી. એટલે વધુ દુઃખ હતું.

સાન્ફ્રાન્સિસ્કોથી પૂ. મા, પ્રભુ ટેક્સાસ જવાનાં હતાં. ૯ વાગ્યાની ફ્લાઇટ હતી. ૭ાા વાગ્યે ઘરેથી નીકળી જવાનું બને છે. સૌ સભ્યો ઉદાસ છે. ભારતમાં હોત તો હું આશા રાખત કે કાંઇ નહીં પૂ. પ્રભુ સુરતમાં મળશે, વડોદરા, અમદાવાદ જઇ દર્શન કરી આવીશ...પણ અહીં તો...બધું જ અનિશ્ચિત...પોણાઆઠ વાગ્યે એરપોર્ટ ઉપર પહોંચી જઇએ છીએ. પૂ મા, પ્રભુની વિદાય અમારા માટે સહ્ય બનતી નથી...આંખો મા, પ્રભુનાં દર્શન કરવા દેતી નથી અને આંસુ વહાવ્યા કરે છે...સમય પસાર થાય છે. ૮ાા વાગ્યે વિમાનનો દરવાજો ખૂલે છે....અને મારા પૂ મા, પ્રભુ મારી આંખોથી દૂર થાય છે. પૂ. મા એ દૂરથી ઊંચા કરેલા વરદહસ્તનું દર્શન આંખો કરે છે.........

ભારે હૈયે ઘરે આવ્યાં. અમે સૌ જાણે અનાથ બની ગયા. અમે એકલવાયાં બની ગયાં, ઘર સુનું સુનું બની ગયું.

સાત દિવસમાં અમે એક અતિપ્રેમાળ, અમૃતમય, સ્નેહ દુનિયામાં જ રહ્યાં......અને આજે એકાએક ફરી પાછા હતા ત્યાં આવી ગયાં.

પૂ. મા, પ્રભુનાં સુખદ સ્મરણોની વણઝાર માનસપટ પર ચાલ્યા જ કરે છે. મા. પ્રભુનો મીઠો અવાજ અમારા કાનોમાં ગૂંજ્યા કરે છે. પૂ. પ્રભુની વિદાય પછી અમારી હોટેલમાં રહેતા ત્રણ માણસો પૂછી ગયા કે......" એ કોણ હતા? એ તમારા ફાધર–ગુરુ–હતા? એ જેટલા દિવસ રહ્યા અમને ખૂબ સરસ લાગતું હતું..." એમણે કંઇ મા, પ્રભુ સાથે વાત કરી ન હતી, ફક્ત જતા આવતા દર્શન માત્ર કર્યાં હતાં. આ એક પવિત્ર પ્રભુમય બનેલા સંતપુરુષની હાજરીથી વાતાવરણમાં અને મનમાં થતો ફેરફાર એનો જ એક પુરાવો છે ને?

અને મહત્ત્વની વાત તો રહી જ ગઈ....પૂ. મા પ્રભુ જ્યારે આ નાનકડા ઘરમાં ઊતરે છે ત્યારે ઘણા બધાએ કહ્યું કે "અમારે ત્યાં પધારો...અમારે ત્યાં જ રહેજો"...ત્યાં ખૂબ શાંતિ છે, "પ્રભુ સૌને પ્રેમપૂર્વક ના પાડતા. ગાડીમાં એરપોર્ટ ઉપર જતી વખતે પણ એક ભાઈએ પૂ. પ્રભુને વિનતિ કરી કે "મહારાજ હવે જ્યારે પણ ફરી આવો ત્યારે અમારે ત્યાં ઊતરજો" પ્રભુ કહે છે "અમે તો જ્યાં પ્રેમભાવ હોય ત્યાં ઊતરીએ" આ શબ્દોએ મારી પેલી જે શંકા હતી પ્રભુ વિષે તે મટાડી અને એ શંકા તો પ્રભુ મારે ત્યાં ઊતર્યા એ દિનથી જ નિર્મૂળ થઇ ગઈ હતી...પણ પ્રભુનાં આ શબ્દોથી મારા મનની ભ્રાંતિ સમૂળી ટળી ગઈ.

પ્રભુ ક્યાં કોના ઉપર કેવી રીતે કૃપા કરે છે તે કોણે જાણ્યું છે? ફરીથી આવો ધન્ય દિવસ ક્યારે આવે તેની રાહ જોઈએ છીએ, અને પ્રભુનાં અમે તો જ્યાં પ્રેમભાવ હોય ત્યાં ઊતરીએ એ શબ્દો અમ પામરની જીવનમૂડી બની ગયા છે.



# "સ્વાધ્યાય"

—અલ્પજ્ઞ અલગારી

ચિંતન અને મનન એ અંતઃકરણની પ્રક્રિયાઓ છે. ચિંતન બાહ્યસાધન ( ઉપકરણો )ને, આત્મસાત્ કરે છે, અને મનન આંતરિક જિજ્ઞાસાને પવિત્ર દિશાની તરફ વાળે છે. બંને વૃત્તિયોનાં સંમિશ્રણથી સ્વાધ્યાયનો ઉદય થાય છે.

ભારતીય ઋષિયોએ તથા સાધકોએ સ્વાધ્યાયના મહિમાનું સર્વત્ર ગાન કરેલું છે. બ્રહ્માંડમાં વ્યાપેલા જ્ઞાનની ગરિમાને કેવળ સ્વાધ્યાય દ્વારાજ ગ્રહણ કરી શકાય છે; ઉર્ધ્વશક્તિની પાવનતા તથા વ્યાપકતાનો આભાસ પણ સ્વાધ્યાય દ્વારાજ પામી શકાય છે.

સ્વાધ્યાયી જિજ્ઞાસુમાં સરલતા, સ્વાભાવિકતા, નિષ્કપટતા તેમજ તટસ્થતા હોવી જરૂરી છે. સ્વાધ્યાયમાં 'સ્વ'નું–એટલે પોતાનુંજ અધ્યયન કરવાનું છે. એમાં કોઇ બાહ્ય કે અન્ય પુરુષની આવશ્યકતા નથી.

સ્વાધ્યાયશીલ મનુષ્ય પોતાની ચિંતન અને મનનની શકિતઓનો ખુદપોતેજ વિકાસ કરી શકે છે. સ્વાધ્યાય એક અત્યંત નિર્મળ પ્રક્રિયા છે. એકાગ્રતાના કારણે સ્વાધ્યાયરત વ્યકિતમાં સાત્વિકતાનો ઉદય થાય છે ને તટસ્થતાના કારણે વિવેકની પ્રાપ્તિ થાય છે.

સમય જતાં આત્મિક–ચેતના ખુલ્લી થતી જવાના કારણે જ્ઞાન જ્યોતિનો દિવ્ય આલોક (પ્રકાશ) પ્રકટ થાય છે.

સ્વાધ્યાયનો મૂળ ઉદ્દેશ્ય બ્રહ્મજ્ઞાન અને જગતનાં સર્વે પ્રાણીઓમાં એકાત્મભાવનો અનુભવ. આવા અનુભવમાં પસાર

કરેલી એકાદ ક્ષણુ મહાન અને દિવ્ય છે, જે સચ્ચિદાનંદ પરબ્રહ્મ પરમાત્માની અસીમશક્તિ અને વ્યાપકતાના સાહચર્ય-માં વ્યતીત થાય છે.

તે પુણ્ય ક્ષણુ ખરેખર, પરમપુનીત અને સનાતન છે, જે બ્રહ્માંડમાં વ્યાપેલા "ૐ"ના ચરમનિનાદ અને ઉદ્‌ઘોષના મનનમાં વ્યતીત થાય છે. તેજ સ્વાધ્યાયનું ચરમ લક્ષ્ય છે.

રસ અગર વગરરસ પડે તો પણુ જાપ કરવા. શાસ્ત્રોમાં કહ્યું છે જેનો જાપ કરીએ છીએ તેની સાથે આપણો સબંધ બંધાય છે.

*

જપત જપત ઉતરભવપારા.

*

જપદ્વારા સમસ્ત પ્રકારના દોષોની મુક્તિ મળી શકે છે.



## પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીનો પરદેશથી ભારતીય સાધકો પર પત્ર

સાન્સ ફ્રાન્સીસ્કો
અમેરિકા
તા. ૧૪-૧૨-૮૧

[ આ પત્ર મુંબઈના સત્સંગ કેન્દ્ર તરફથી શ્રી. જે. વી. શાહે–ભારતીય સાધકોને મોકલાવ્યો છે. –તંત્રી ]

"અમે અમેરિકાના કેલીફોર્નિયા રાજ્યના લોસએન્જલસ-નો પ્રવાસ પૂરો કરી, સાન્સ ફ્રાન્સીસ્કો નામના શહેરમાં એક અઠવાડિયાના પ્રવચન કાર્યક્રમ કરવા માટે આવ્યા. સાન્સ-ફ્રાન્સીસ્કોના ભારતીય મંડળ હોલમાં સાત દિવસનાં પ્રવચન થયાં.

પછી ટેક્ષાસ રાજ્યના સાનએન્ટોનીઓ શહેરમાં બે દિવસ કોટર્સક્રીસ્ટી નામના દરિયાકાંઠે વસેલા શહેરમાં બે દિવસ પ્રવચનો થયાં. આ પ્રવાસ વિમાનમાં થાય છે. એક રાજ્ય-માંથી બીજા રાજ્યમાં દૂરદૂર જવાનું બને છે.

"ભારતથી હજારો માઇલ દૂર પરદેશની ધરતી ઉપર ઇશ્વરની કૃપાથી અમારો સાંસ્કૃતિક પ્રવાસ સારી રીતે સફળતા-પૂર્વક ચાલી રહ્યો છે. જુદા જુદા સ્થળોમાં ધાર્મિક પ્રવચનો યોજાય છે અને દેશદર્શન થાય છે. લોસએન્જલસમાં ભક્તિ-યોગ ઉપર પ્રવચન થયાં.

અત્રેથી ૫૦૦ માઇલ દૂર સેક્રામેન્ટો શહેરનું પણુ આમંત્રણુ છે. આ બધા કાર્યક્રમો પૂરા કરી અમો આ માસ ઉતરતાં અહીંથી ન્યુયોર્ક જઇશું ત્યાં પંદરેક દિવસનો કાર્યક્રમ થશે. તે પછી ભારત આવવા વાસ્તે વિચારીએ છીએ. ત્યાં આવ-

વાનો કાર્યક્રમ નક્કી થયે તમોને જણાવીશું.

અહીં પરમહંસ યોગાનંદનો પર્વત ઉપર આવેલ સુંદર આશ્રમ છે. તેમનો બીજો આશ્રમ સમુદ્રતટ ઉપર આવેલો છે. તે બન્ને આશ્રમો ખૂબ જ શાંત, સ્વચ્છ અને સુંદર છે. પરમહંસ યોગાનંદે આ દેશમાં રહીને ધર્મપ્રચારનું સુંદર કાર્ય બજાવ્યું છે. અને તેની સાથે ભારતનું ગૌરવ વધાર્યું છે. અહીં રામકૃષ્ણમિશનનું પણ કેન્દ્ર આવેલ છે. તે કેન્દ્ર પણ સુંદર છે. ત્યાંના અધ્યક્ષ સ્વામી સોહાનંદ છે.

આ દેશમાં આવ્યા પછી ઘણું સુંદર કાર્ય થયું છે. તેની વાતો રૂબરૂ મળીશું ત્યારે કરીશું.

મા સર્વેશ્વરીનાં ભજનો પણ જનતાને ખૂબ જ ગમે છે. તેમનું જીવન જીજ્ઞાસુઓ તથા સાધકોને પ્રેરણા આપનારૂં બન્યું છે. બધે ઠેકાણે જનતા તેમના વાસ્તે પ્રેમ તથા આદરભાવ રાખે છે.

'અધ્યાત્મ' માસિકનું કાર્ય પણ ઘણી સારી રીતે ચાલી રહ્યું છે. માનવજીવનનું ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે એ વાતને યાદ રાખીને સદા નિયમિત રીતે ધ્યાન, પ્રાર્થના તથા જપ કરતા રહેજો.

મુંબઈ તથા મુંબઇ બહારના સર્વે પ્રેમીજનોને પ્રેમપૂર્વક યાદ કરજો. મા સર્વેશ્વરી પ્રેમપૂર્વક સૌને યાદ કરે છે.

યોગેશ્વરજીના આશીષ

નોંધઃ—એવું અનુમાન છે કે પ. પૂ. શ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી ફેબ્રુઆરિ, ૮૨ના પ્રથમ સપ્તાહ આસપાસ ભારત પધારશે.



## પરદેશના આજીવન સભ્યો

આજ અંકના ટાઈટલ-૨ ઉપર પરદેશના આજીવન સભ્યોનાં નામ છાપવામાં આવ્યાં છે. તે પછી પરદેશથી બીજા આજીવન સભ્યોની યાદી મળી છે, જે નીચે પ્રમાણે છે.

૧૮ શ્રી. ભીખુભાઇ એન. ભક્ત–એલ મોન્ટે U.S.A રૂા. ૧૫૦૧
૧૯ શ્રી. ડાહ્યાભાઈ એમ. પટેલ–એલ મોન્ટે U.S.A રૂા. ૧૫૦૧
૨૦ શ્રી રમણભાઈ ડી. ભક્ત. વેસ્ટ એલ એ. ,, રૂા. ૧૫૦૧
૨૧ શ્રી. ધીરુભાઇ એન. દેસાઇ અલહામ્બ્રા ,, રૂા. ૧૫૦૧
૨૨ શ્રી. છગનભાઇ બી. ભક્ત. અલહામ્બ્રા ,, રૂા. ૧૫૦૧

## ભારતના આજીવન સભ્યો

ભારતમાં નોંધાયેલ નવા આજીવન સભ્યોનાં નામ નીચે પ્રમાણે છે.

૧૯૭ શ્રી. અનીલચંદ્ર ખુશાલભાઈ ભક્ત અમદાવાદ રૂા. ૨૫૧
૧૯૮ શ્રી. જયન્તીભાઈ ત્રિવેદી. અમદાવાદ રૂા. ૨૫૧
૧૯૯ શ્રી માનસિંહ ભરતસિંહ સુરતિયા, અમદાવાદ રૂા. ૨૫૧
૨૦૦ શ્રી. રમણભાઈ જી. અમીન. અમદાવાદ રૂા. ૨૫૧
૨૦૧ શ્રી. અનીલાબેન રમેશચંદ્ર ભક્ત. કપુરા. રૂા. ૨૫૧
૨૦૨ શ્રી. સ્વ. જીવણભાઈ મોરારજી ભક્ત રૂા. ૨૫૧
સાર્વજનિક પુસ્તકાલય ;ઓરણા.
( અમેરિકાના શ્રી રમણભાઈ ડાહ્યાભાઈ ભક્તતરફથી)
૨૦૩ શ્રી. હિમાંશુ બચુભાઈ પાઠક સુરત. રૂા. ૨૫૧

## અધ્યાત્મને ભેટ

૨૧-૦૦ ડૉ. રાજેન્દ્ર ભટ્ટ ગુરુકૃપાથી મળેલ અનુભવ માટે
૧૧-૦૦ શ્રી. વસંતલાલ ગિરધરલાલ સોનેજી તરફથી પુત્ર ભરતના જન્મ દિન પ્રસંગે
૫૧-૦૦ શ્રી. રમેશભાઈ જગુભાઈ પટેલ તરફથી શુભેચ્છા

# શ્રીરામકથા–૧૦

શ્રી.યોગેશ્વરજી

[મહાત્મા શ્રીયોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ સળંગ રામકથાનો આ દસમો હપ્તો છે. ]

સીતાએ અને ઉર્મિલાએ કહ્યું :

એ વશગાથા અમને કહો.

અમે પણ એને સાંભળવા માટે ઉત્સુક છીએ. અમને એ સાંભળીને આનંદ થશે '

જનકે કહ્યું:

' તમે તેને સાંભળવા ઉત્સુક હો અને એને સાંભળીને આનંદ પામો એ સહેલાઈથી સમજી શકું છું. મહર્ષિ પાસેથી સાંભળેલી એ કથા હું સંક્ષેપમાં કહી બતાવું. મહર્ષિ વિશ્વામિત્ર રામ અને લક્ષ્મણને રાજા દશરથ પાસેથી લઈને પોતાના આશ્રમ તરફ ચાલી નીકળ્યા, ત્યારે ગંગા તથા સરયૂના સંગમ સ્થળથી થોડેક આગળ જતાં એક ભયંકર વન દેખાયું. એ વનમાં મલદ અને કરૂષ નામના બે પ્રદેશો હતાં. ત્યાં ઈચ્છાનુસાર રૂપ ધારણ કરનારી તાડકા નામની રાક્ષસી રહેતી. એના શરીરમાં હજાર હાથીઓનું બળ હતું. એ સુંદ નામના રાક્ષસની પત્ની હતી, અને એને મારીચ નામે પુત્ર હતો. એ દુરાચારીણી તાડકા પોતાના ભયંકર દેખાવવાળા પુત્ર મારીચ સાથે એ બંને પ્રદેશોની પ્રજાને ત્રાસ પહોંચાડતી ને દુઃખી કરતી. એ છ ગાઉનો રસ્તો રોકીને જંગલમાં પડી રહેતી. '

એ કથા પણ રોચક છે. '

'જે રાક્ષસી છ ગાઉનો રસ્તો રોકતી હશે તેમજ હજાર હાથીના બળવાળી હશે તે કેટલી બધી ભયાનક હશે ? તેની તો આપણે કલ્પના જ કરવી રહી. '



' મહર્ષિ વિશ્વામિત્ર રામ લક્ષ્મણને એ વનમાં થઈને આગળ વધવાની સૂચના આપી. પોતાના બાહુબળનો આધાર લઈને એ દુષ્ટ રાક્ષસીને મારી નાખીને એ પ્રદેશની પ્રજાને મુસીબતોમાંથી મુક્ત કરવાનો આદેશ આપ્યો. '

સીતા તથા ઉર્મિલાની છાતી ધડકવા લાગી.

'ક્યાં એ ભયંકર રાક્ષસી અને ક્યાં એ નાનકડા રાજકુમારો છતાં પણ મહર્ષિનો આશીર્વાદ મેળવીને રાજકુમારો આગળ વધ્યા. મહર્ષિએ એમને જણાવ્યું કે સ્ત્રી હત્યાનો વિચાર કરીને તમે એનો નાશ કરવાનો વિચાર પડતો ના મૂકતા. જેના પર રાજ્યનો ભાર છે તેનો સનાતન ધર્મ પ્રજાની સર્વ પ્રકારે રક્ષા કરવાનો છે. પૂર્વકાળમાં વિરોચનની પુત્રી મંથરા સમસ્ત જગતનો નાશ કરવા માગતી 'તી, પરંતુ ઈન્દ્રે એનોજ નાશ કર્યો. એવી રીતે કેટલાય ક્ષત્રિય મહાત્માઓએ પાપાચારિણી સ્ત્રીઓનો નાશ કર્યો છે. માટે તમે પણ એ રાક્ષસીનો વધ કરો.

પછી ? શું થયું ?

મુનિના શબ્દો સાંભળીને રામ બે હાથ જોડીને બોલ્યા કે મારા પિતા મહારાજા દશરથે મને ઉપદેશ આપ્યો છે કે મારા કહેવાથી મારા વચનોનું ગૌરવ જાળવવા માટે વિશ્વામિત્રની આજ્ઞાનું નિશંકપણે પાલન કરજે. એમની વાતની કદી અવગણના ના કરતો. એટલે હું તમારી આજ્ઞાનું પાલન કરીશ.

એવું કહીને રામે પોતાના ધનુષ્યને જોરથી પકડીને એની પત્યંચા પર ટંકાર કર્યો. એના અવાજથી બધી દિશાઓ ગૂંજી ઉઠી. વનમાં વસનાર પ્રાણીઓ કંપી ઉઠયા. તથા તાટકા પણ આભી બની ગઈ. થોડીવાર પછી એ ક્રોધે ભરાઈને જે દિશામાંથી અવાજ આવેલો એ દિશામાં દોડી ગઈ. '

રામ અને લક્ષ્મણની પાસે પહોંચીને એણે ધૂળ ઉડાડવા માંડી. ધૂળનો વરસાદ વરસાવીને થોડાક વખતને માટે તો એણે રામ લક્ષ્મણને મોહમાં નાખી દીધા. એ પછી એમના પર એ પત્થરોની વર્ષા કરવા

માંડી. એ વખતે રામે અસંખ્ય બાણો છોડીને પત્થરોની વર્ષાને રોકી દીધી તથા પોતાની તરફ દોડતી એ ભયંકર રાક્ષસીના બંને હાથ કાપી નાખ્યા.

'પરંતુ' એ પછી શું થયું તે તો કહો.' ઉર્મિલાએ અધિક સાંભળવાની અધીરાઈ બતાવી : 'રાક્ષસી કાંઈ બેસી નહી રહી હોય. કંટાળી કે થાકી નહિ હોય. એણે પણ પોતાના સ્વભાવ તથા સામર્થ્ય પ્રમાણે સામનો કર્યો જ હશે,' અને રામની સાથે લક્ષ્મણે પણ પોતાનો પ્રતાપ બતાવ્યો હશે.' રાજા જનકે મીઠું હસીને આગળ ચલાવ્યું :

'એ જ હકીકત સાંભળવા જેવી છે. રામ અને લક્ષ્મણ બંને પરમ પરાક્રમી હતા. ભુજાઓ કપાઈ જવાથી તાટકાએ બંને ભાઈઓને ડરાવવા માટે જોરથી ગર્જના કરવા ,લાગી. એ જોઈને લક્ષ્મણે ક્રોધે ભરાઈને એ દુષ્ટ રાક્ષસીના નાક કાન કાપી નાખ્યા.

'વાહ? ઘણું જ અદ્ભુત કહેવાય.' ઉર્મિલાથી બોલ્યા વિના ના રહેવાયું.

'ખરેખર અસાધરણ' સીતા પણ બોલી ઉઠી.

'પરંતુ......જનકે કહેવા માડ્યું. 'એ રાક્ષસી ઈચ્છાનુસાર રૂપ ધારણ કરનારી હોવાથી જુદી જુદી જાતના રૂપ ધરીને રામલક્ષ્મણને મોહમાં નાખીને પોતાની માયાશક્તિના પ્રભાવથી અદસ્ય થઈ ગઈ. અને અદશ્ય રૂપમાં પત્થરોની વર્ષા કરતી આમતેમ વિચરવા લાગી. એ જોઈને મહર્ષિ વિશ્વામિત્રે રામને કહ્યું કે રામ આની પર દયા નકામી છે. આ રાક્ષસી અત્યંત પાપિણી છે. દુરાચારિણી છે. એ યજ્ઞોનો નાશ કરે છે. માયાથી ફરી વાર શક્તિશાળી બની જાય તે પહેલાં જ એનો નાશ કરો. સંધ્યાનો સમય થવા આવ્યો છે. અને સંધ્યા સમયે રાક્ષસો પર વિજય મેળવવાનું કામ ઘણું કઠિન બને છે.'

'મુનિના શબ્દો સાંભળીને રામ સાવધ બન્યા. એમણે શબ્દવેધી બાણ છોડીને પત્થરોનો વરસાદ વરસાવનારી તાડકાને બધી બાજુથી ઘેરી લીધી. એમના બાણોથી ઘેરાઈ ગયેલી તાડકા વધારે ક્રોધે ભરાઈને



ભયંકર ગર્જનાઓ કરતી રામ તથા લક્ષ્મણ પર તૂટી પડી. એને તોફાની પ્રલયકારી પવનની પેઠે આવતી જોઈને રામે એક બાણ માર્યું. 'એથી એની છાતી ચીરાઇ અને એ ધરતી પર ભારે ચિત્કાર 'કરતી ઢળી પડી ને મરી ગઇ. એના મૃત્યુથી દેવતાઓએ તથા ઇન્દ્રે ભારે પ્રસન્ન થઇને પુષ્પવૃષ્ટિ કરીને રામ લક્ષ્મણ તેમજ મહર્ષિ વિશ્વામિત્રને પ્રશસ્તિની અંજલી ધરી.'

રામ અને લક્ષ્મણનું એ પરાક્રમ સાંભળીને મને અદ્ભુત આનંદ થયો તથા રોમાંચ થઇ ગયો. મારો પ્રાણ પ્રસન્ન પુલકિત કે સ્તબ્ધ બની રહ્યો. જનકે ઉપસંહાર કર્યો.

'બને જ ને? સીતા તથા ઉર્મિલા લગભગ એકી સાથે બોલી ઊઠી.' આ પરાક્રમ ગાથા છે જ એવી અનોખી કે એને સાંભળીને આશ્ચર્ય, આનંદ અને રોમાંચ થાય જ. અમારી દશા પણ એવી જ છે. રામ અને લક્ષ્મણની પરાક્રમની આ કથા અત્યંત આનંદદાયક છે. રામ ને લક્ષ્મણના અસીમ સામર્થ્યની 'એવી ઝાંખી થાય છે.'

એ સાંભળીને જ મને સ્વયંવરની સફળતા માટે થોડીક આશા જાગી છે. મારી પ્રતિજ્ઞા વ્યર્થ નહિ જાય એવું ઉંડે ઉંડે લાગ્યા કરે છે. પછી તો વિધાતાએ જે ધાર્યું હોય તે ખરું !

સીતા તથા ઊર્મિલા થોડીવાર શાંત થઈ રહ્યાં.

પછી ઊર્મિલાએ કહ્યું :

'રામ અને લક્ષ્મણ બંને છે તો પરાક્રમી, પરાક્રમી નહિ પરંતુ મહાપરાક્રમી.'

'એનું મન લક્ષ્મણમાં લાગી ગયું છે.' સીતા બોલી ઉઠી

જનક શાંત સ્વરે સત્વર બોલી ઉઠ્યા :

'એમાં એનો દોષ નથી જોતો. એ બંને ભાઈઓ છે જ એવા કે મોટા મોટા મુનિઓ પણ એમની ઝાંખી માત્રથી જ મોહ પામે. સંસારના રસનો ત્યાગ કરી ચૂકેલા ને વિષયોને તિલાજલી આપીને વનમાં વસનારાને પરમાત્માના ચિંતન મનનમાં મગ્ન રહેનારા યોગી

ઓના મનને પણ એ મોહિત કરે તેવા તથા સમાધિથીયે વિશેષ સુખ ધરનારા છે. મારું કે ઊર્મિલાનું હૃદય જ એમને એકવાર જોયા પછી રાગમય બની ગયું છે. ત્યાં તારું કે ઊર્મિલાનું હૃદય રાગમય થાય એમાં એનો શો દોષ? એ તો જડચેતન સૌનું આકર્ષણ કરનારા ને સૌને પોતાના પ્રભાવથી ભરનારા છે.'

સીતાએ હસતાં હસતાં કહ્યું.

'આવી ખબર હોત તો આપણે ઊર્મિલાને માટે પણ સ્વયંવરની યોજના કરત.

ઊર્મિલાએ કહ્યું :

પિતાજીએ તારો સ્વયંવર યોજવો છે તે જ બરાબર છે. તેને તો હજી પૂરો થવા દે.

'ઊર્મિલાનો સ્વયંવર નથી યોજ્યો તેથી શું? હરકત નહિ. ઈશ્વર બધું સારું જ કરશે. એણે સઘળું રચી રાખ્યું હશે. ફક્ત આપણને એની ખબર નથી એટલું જ. પરંતુ મહર્ષિએ સંભળાવેલી કથાની મારી આશંકા ને ચિંતા જરાક ઘટી ગઈ છે.'

જનકના શબ્દો સાંભળીને બંને શાંત રહ્યા.

બંનેના અંતરમાં ઉલ્લાસ વ્યાપ્યો.

એ પછી જનક રાજ્યસભામાં જવા વિદાય થયા.

(ક્રમશઃ)



# પ્રકાશના પંથે (યોગેશ્વરજીની આત્મકથા)

સંક્ષેપ : દીપક પ્ર. મહેતા
લે. શ્રીયોગેશ્વરજી

## શાંતાશ્રમની મુલાકાત

યોગની પ્રાણાયામ જેવી ક્રિયાઓના અભ્યાસ માટે તે ક્રિયાઓના જાણકાર કોઈ મહાન અનુભવી પુરુષની પણ જરૂર હતી. યોગની નક્કર સાધના માટે પ્રાણાયામની જરૂર વિશેષ હતી, પણ તે જાણનાર સંત, સાધુપુરુષ કે સારી કોટીના સાધક ક્યાં ને કેવી રીતે મળે? અલબત્ત મને રામકૃષ્ણ જેવ. સિદ્ધપુરુષનો મેળાપ તો ના થયો પણ મારી ભાવનાને કામચલાઉ સંતોષી શકે એવા એક મહાત્મા મળી ગયા.

ગોયાગેટ તરફ રણમુક્તેશ્વર મહાદેવનું મંદિર છે. તેના મેડે સ્વામીજી રહેતા હતા. તેમનું નામ શાંતાશ્રમ. પણ વધારે ભાગે તે મગર સ્વામીને નામે ઓળખાતા. તે સીનોરમાં નર્મદા-કિનારે રહેતા હતા ત્યારે નાવા પડેલા ત્યારે એક મગરે તેમનો હાથ પકડ્યો. તે પ્રાણાયામના અભ્યાસી હતા એટલે ગભરાયા સિવાય મગર સાથે લડતાં લડતાં કિનારે આવ્યા. મગરે તેમને છોડી દીધા પણ તેમના હાથનું માંસ તોડી લીધું તેની ખોડ તેમના હાથે રહી ગયેલી. ત્યારથી તે મગર સ્વામીના નામે જાણીતા થયા. દેખાવે શાંત ને તેજસ્વી. જન્મે બંગાળી હોવા છતાં ગુજરાતમાં લાંબા વખતથી વસતા હોવાને કારણે ગુજરાતી જાણતા પણ હિંદીમાં જ વાતચીત કરતા.

સ્વામીજીની મુલાકાત રોજ લેવાનો મેં તે દિવસોમાં નિયમ જ બનાવી દીધો. એકવાર સ્વામીજીએ મને પોતાની પાછળ પડેલી કોઇ વસ્તુ લાવવા કહ્યું. તે લાવતાં મેં સ્વામી-

જીની પથારી પર પગ મૂકી આગળ વધ્યો, એ જોઈને સ્વામીજી જરા રોષભર્યા સ્વરમાં તે જોરથી બોલી ઊઠ્યા : "અરે, આ શું ? તમારો આશ્રમ કયો ને મારો આશ્રમ કયો ?" તેમનું ઉગ્રરૂપ જોઈને ત્યારે મને થયું કે તે અભિમાની છે તેમજ અહંભાવથી પ્રેરાઈને પુજાવામાં આનંદ માને છે. પરંતુ પાછળથી જ્યારે આધ્યાત્મિક અને વ્યવહારના ક્ષેત્રમાં મારે વધારે આગળ વધવાનું થયું ત્યારે મારું મંતવ્ય તદ્દન નહીં તો થોડુંક તો ખોટું હતું, એ મને સ્પષ્ટ સમજાયું. જરૂરી સમજ ને વિચારણા પછી મને તેમના કથનનો મર્મ સમજાયેલો.

સ્વામીજી સંસ્કૃત, અંગ્રેજી સારી પેઠે જાણતા. તે યોગાભ્યાસી પણ હતા. યોગની વિવિધ ક્રિયાઓ શીખીને તેમાં પારંગત થવાનો મારો વિચાર હતો.

તે અંગે તેમની સાથે વાતચીત થતી. થોડા દિવસ પછી તેમણે મને ખેચરીમુદ્રા કરી બતાવીને તેનું રહસ્ય સમજાવ્યું. પહેલાં સાધન કરી બતાવવું અને પછી શીખવવું એ સ્વામીજીનો સ્વભાવ હતો. આ સ્વભાવ બહુ જ ઓછા અનુભવી પુરુષોના જીવનમાં જોવા મળે છે.

તેમણે એક દિવસ અચાનક કહેવા માંડ્યું : 'હું તને દીક્ષા આપવાનો વિચાર કરી રહ્યો છું.' પછી તેમણે થોડીવાર પંચાગમાં જોયું ને પછી કહ્યું : 'નવરાત્રિમાં પાંચમનો (?) દિવસ સારો છે. તે દિવસે સવારમાં આવજો.' આ આકસ્મિક વચનો સાંભળી મને આનંદ થયો.

તેમણે કહેલો દિવસ ખરેખર પંચમીનો હતો કે કેમ તે મને ખરેખર યાદ નથી એટલે જ 'પાંચમનો' શબ્દ પછી મેં પ્રશ્નાર્થચિહ્ન મૂક્યું છે.

આગલે દિવસે સ્વામીજીએ મને સૂચના કરી : 'દીક્ષા



વખતે કાંઇ ને કાંઈ લાવવું જોઇએ એવી પ્રથા છે. ફૂલ અથવા ફળથી પણ કામ ચાલી શકે છે તમે તો શું લાવી શકશો ? બે ફળ લેતા આવજો એટલે ચાલશે.'

બીજે દિવસે સવારે ડઝન જેટલાં ફળ લઇ ગયો. તેઓને પ્રણામ કરીને તેમની સામે બેઠો. થોડીવાર પછી તેમણે મને અંદરના ઓરડામાં આવવા કહ્યું. એક આસન પર પોતે બેઠા ને સામેના બીજા આસન પર મને બેસવા કહ્યું. પછી ત્રણવાર બોલીને મંત્ર આપ્યો. તે પછી પ્રાણાયામની વિધિ બતાવી ને છેલ્લે એક મુદ્રા કરાવીને મને પૂછ્યું કે કેવો અનુભવ થાય છે ? મેં કહ્યું "પ્રકાશ પ્રકાશ દેખાયા કરે છે."

તેમણે કહ્યું. 'ત્યારે તમારી કુંડલિની જાગૃત છે. હવે બધું જ કામ થઇ જશે.'

એ શબ્દો સાંભળીને તેનું રહસ્ય મને ન સમજાયું પણ જે આનંદ થયો તેથી સાધના માટેનો મારો ઉત્સાહ વધી ગયો.

દીક્ષા પહેલાં ત્રણચાર માસથી મેં મીઠું, હળદર છોડી દીધાં હતાં, તેલ, મરચું ને આંબલી તો લેતો જ નહોતો પાણીમાં બાફેલું શાક ખાતો. દૂધ ને ઘી પણ મળે તો ગાયનું જ લેવાનું રાખેલું.

સ્વામીજીના કહ્યા પ્રમાણે પ્રાણાયામ માટે આહારનો એવો સંયમ જરૂરી હતો,

મંત્રદીક્ષા પછી મન લગાડીને મેં સાધના શરૂ કરી. એક નવી આશા ને નવજીવન તથા યોગીજીવનના નવી પ્રેરણા-કિરણની મને પ્રાપ્તિ થઇ. ઈશ્વર પર આધાર રાખીને, શ્રદ્ધા રાખીને, ધીરજ, ખંત ને હિંમતથી, મહાત્વાકાંક્ષીની મૂર્તિ બની, તે માર્ગે આગળ ને આગળ ધપવાનું હતું. જ્યાં સુધી પૂર્ણ સંતોષ મળે નહીં ને પરમાત્માની પરિપૂર્ણ કૃપા વરસે નહીં ત્યાં સુધી. (ક્રમશઃ)


# 'બિંદુ'—બાળગીતોનો સંગ્રહ.

પરમ પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીએ વર્ષો પૂર્વે બાળગીતો લખેલાં. તેમાંથી કેટલાંક 'રશ્મિ' સંગ્રહમાં પ્રસિદ્ધિ પામ્યાં હતાં. પરંતુ એ નામનો સંગ્રહ હવે ઉપલબ્ધ નથી.

એટલે એ અપ્રસિદ્ધ બાળગીતો તેમજ રશ્મિમાં છપાયેલ બાળગીતોનો ભેગો આ સંગ્રહ 'બિંદુ'ના નામે પ્રસિદ્ધ થયો છે જેના સ્મરણાર્થે એ પ્રસિદ્ધ થાય છે-તે પણ 'બિન્દુ' જ હતી.

આ બાલગીતોમાં ઉત્તમ ભાવો, વિચારો ને જીવનની બોધપ્રદ વાતોને પૂ શ્રી યોગેશ્વરજીએ બહુ સરળ ભાષામાં ગેય ગીતોમાં વણી લીધી છે. એની મોટી વિશેષતા તો એ છે કે બાળકોને નજર સમક્ષ રાખી,—એની દૃષ્ટિએ કુદરતના વિવિધ અંગો સમાં સાગર, સરિતા, ચંદ્ર, તારાઓ, પર્વતો, વૃક્ષો, ફુલો, નદીઓ, પશુઓ, પોતાનો દેશ અને એ દેશની ઉત્તમતા દર્શાવતાં બાળકો હરતાં ફરતાં ગાઈ શકે એવા ઢાળમાં, સરળ શૈલીમાં ગીતો લખાયાં છે. મોટાંઓ પણ એ વાંચી એમાંથી ઉત્તમ પ્રેરણા મેળવી શકે એમ છે. બાળકોમાં ઉત્તમ સંસ્કારો ને ભાવોના સિંચન માટેનું આ લગભગ ૧૫૦ પાનાનું પુસ્તક માત્ર પડતર કિંમત-રૂા. પાંચમાંજ મળી શકે છે. જેઓને એ જોઇતું હોય તેઃ-શ્રી નારાયણભાઇ જાની-તંત્રી, અધ્યાત્મ, પ્લોટ નં. ૧૬૮૮ બી, સરદારનગર-૧ ભાવનગરને રૂા. પાંચનું મનીઓર્ડર કરી મંગાવી શકાશે.

સ્વ. સૌરભ ઉમાકાન્ત દેસાઈ તથા સ્વ. સૌ. નિલિમા સૌરભ દેસાઈ



## ભક્ત એટલે આદર્શ માનવ

આપણે ભક્ત તરીકે તિલક કરીએ, કંઠી બાંધીએ, માળા જપીએ, સ્તોત્રપાઠ કરીએ, દેવદર્શન, તીર્થાટન કે ધર્મગ્રંથો-નો આધાર લઈએ, એટલું જ પૂરતું નથી. આપણે શુદ્ધ બનતાં, સદાચારી અથવા સત્કર્મ પરાયણ થતાં, અને સંવેદન-શીલ બનતાં શીખવાનું છે. સંસારમાં આપણા પરમ આરાધ્ય દેવી સ્વરૂપની ઝાંખી કરીને સૌને સુખશાંતિ પહોંચાડવા તથા ઉપયોગી થવા તૈયાર રહેવાનું છે. ભૂલેચૂકે પણ કોઈનું કૂડું તો ના જ કરાય, કોઈનું શોષણ તો ના જ થાય, કોઈને અન્યાય, અનીતિ, અનાચારના શિકાર ના બનાવાય, તેનું ધ્યાન રાખવાનું છે. ભક્ત બનવું એનો અર્થ માનવ મટી જવું એવો નથી થતો. પરંતુ આદર્શ માનવ બનવું એવો થાય છે. એ યાદ રાખીને આદર્શ માનવ બનવાની દિશામાં દિનપ્રતિદિન ચોક્કસ ચાલે આગળ વધવાનું છે.

— યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર. ☎ ૨૮૧૭૨